

# અધ્યાત્મ

વર્ષ-૨

ડિસેમ્બર-૧૯૮૦

અંક-૩

## અધ્યાત્મ શા માટે વાંચવું ?

તંત્રી

આપ જે વાંચો છો તે કેવું છે તે કદી વિચાર્યું છે ?

કેટલુંક એવું વાંચો છો જે કેવળ સમય પસાર કરવા વાંચતા હો.

તો પછી બીજું કેટલુંક આનંદ માટે વાંચતા હો.

એથી આગળ કોઈ જિજ્ઞાસાની પૂર્તિ કે જાણકારી માટે આવશ્યક **સમજી** કેટલુંક વાંચશો.

આ બધું તો ખરું

પરંતુ

એવુંય કેટલુંક વાંચન છે જે વાંચી, વિચારી, મનન કરી, જીવનમાં ઉતારવાનું હોય. એવું વાંચન ફરી ફરી વાંચવું પડવાનું. પછી ભલે તે થોડું હોય. તો 'અધ્યાત્મ' તમને આવું વાંચન પૂરું પાડે છે. તે તમારું જ નહિ પરંતુ તમારા કુટુમ્બીજનોનું. કે બીજા જે જે વાંચે તે સહુનું જીવન ઘડે છે, પ્રભુ માર્ગે વાળે છે, શ્રદ્ધાભક્તિ પ્રેરે છે, ને માર્ગદર્શક બને છે. એનું કારણ એ છે કે એના સંસ્થાપક છે પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી. જેઓ ભક્ત, યોગી, જ્ઞાની હોવા સાથે રાષ્ટ્રપ્રેમથી સભર એક વિરલ કોટિના સ્વાનુભવી સંત છે. માટે આપનું લવાજમ આજે જ "તંત્રીને" M. O. થી મોકલાવો ચેક પણ સ્વીકારવામાં આવે છે.

**નોંધ**—જે ગ્રાહકોનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેઓ બીજા વર્ષનું લવાજમ જલદીથી મોકલાવે. વાર્ષિક લવાજમ રૂા. ૧૫–૦૦ છે.

નારાયણ. હ. જાની.

પ્લોટ નં. ૧૬૮૮ બી, સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧



મહાત્મા શ્રી યોગેશ્વરજીની લાક્ષણિક તસ્વીર

# પ્રેમ–પ્યાલો

પ્રભુ મને પાજો રે પ્રેમનો પ્યાલો.
જેને પીને રાધા શ્યામ બની ગઈ,
એવો એ પ્રેમનો પ્યાલો પીયૂષનો પ્યાલો. પ્રભુ.

જેને પીને મીરાં મસ્ત બની ગઈ,
એવો એ પ્રેમનો પ્યાલો ભક્તિથી ભરેલો. પ્રભુ.

જેને પીને ગોપી ઘેલી બની ગઈ,
એવો એ પ્રેમનો પ્યાલો ઘેલો બનાવનારો. પ્રભુ.

જેને પીને શબરી ધન્ય બની ગઈ,
એવો એ પ્રેમનો પ્યાલો ધન્યત્વનો પ્યાલો. પ્રભુ.

તુલસી કબીર સુર જેમાં ભળી ગયા,
એવો એ પ્રેમનો પ્યાલો પ્રભુ બનાવનારો. પ્રભુ.

શ્રી યોગેશ્વર

# પ્રત્યેક ઉષા નૂતનવર્ષની ઉષા બને

રૂપલ પરશુ રાવળ.

૧. જીવનમાં હરેક ઉષા પ્રભુ પાસેથી દિવ્ય સંદેશ લઈ પૃથ્વી ઉપર આનંદ અને ઉલ્લાસ આપવા આવે છે. જેની જેવી પાત્રતા તેવો તેને આનંદ અને ઉલ્લાસ પ્રાપ્ત થાય છે.

૨. પ્રભુના એ દિવ્ય સંદેશમાં સાવ સરળ, સુગમ અને સુંદર વાત રહેલ છે. જગત પાસેથી કંઈપણ અપેક્ષા રાખ્યા વગર. નિર્વ્યાજ પ્રેમથી પ્રભુએ અપાર અને અમૂલ્ય સમૃદ્ધિ, જેવી કે હવા, પાણી, અનાજ, ફળ, ફૂલ, ખનિજ પદાર્થો, ઉષાનાં સૌંદર્યો, હવાની મીઠી લહરીઓ, સાગરના મનભાવન તરંગો. આકાશની અનંતતા, પ્રકૃતિનાં મનમોહક દશ્યો વગેરે મનુષ્યના તન, મન અને અંતરનાં પોષણ માટે પ્રભુ રેલાવ્યા જ કરે છે. જે આ સંદેશને હૃદયમાં ઝીલી તેનો જવાબ આપે છે કે હે પ્રભુ, નિત્ય નૂતન ઉષા દ્વારા મળતા તમારા દિવ્ય સંદેશને હું હૃદયમાં ધારણ કરી તેને અનુસરીશ." એ બડભાગી બની જાય છે, ધન્ય થઈ જાય છે.

૩. જે આ સમજે તેને હરેક ઉષામાં નૂતન વર્ષનાં દર્શન થશે. જીવનમાં હરેક ઉષાને નૂતન વર્ષની ઉષા તરીકે માણવી હોય, પ્રભુએ સર્જેલા અને બક્ષેલા આનંદ અને ઉલ્લાસને માણવો હોય તો પ્રભુ પાસે આજે હૃદયપૂર્વક પ્રતિજ્ઞા કરીને કહો કે પ્રભુ તારા દિવ્ય સંદેશને હું મારી શક્તિ મુજબ ઝીલીશ. એટલું નહિ અનુસરીશ પણ."

૪. આમ હરેક ઉષા, એ નૂતન વર્ષની તમારા જીવનમાં બને તેવી પ્રભુ ચરણમાં આજના શુભ દિને નમ્ર યાચના.

## નવા નોંધાયેલ

## આજીવન સભ્યોની યાદી

૧૦૧ શ્રી. વિજયસિંહ અખુભા રાણા–વડોદરા રૂા. ૨૫૧
૧૦૨ શ્રી. શાન્તિલાલ જગન્નાથ પંડ્યા–વડોદરા રૂા. ૨૫૧
૧૦૩ શ્રી. ઇન્દુબેન આર. ગોસ્વામી–ભાવનગર રૂા. ૨૫૧
૧૦૪ શ્રી. ચંદ્રકાન્તભાઈ પંડ્યા–ખીરસરા રૂા. ૨૫૧
૧૦૫ શ્રી. રમણીકલાલ ( બકુભાઈ ) ભોગીલાલ શેઠ ભાવનગર રૂા. ૨૫૧
૧૦૬ શ્રી. મનુભાઈ એમ. આલા–અમદાવાદ રૂા. ૨૫૧
૧૦૭ શ્રી. એમ. એલ. અગોચર–વડોદરા રૂા. ૨૫૧
૧૦૮ શ્રી. બંકીમભાઇ છોટુભાઇ પટેલ–સુરત રૂા. ૨૫૧
૧૦૯ શ્રી. ગોવિંદભાઈ એચ. ઝવેરી–સુરત રૂા. ૨૫૧
૧૧૦ શ્રી. અમિતભાઇ નંદુભાઈ ચાવાલા –અમદાવાદ રૂા. ૨૫૧
૧૧૧ શ્રી. પ્રદીપભાઈ પુરુષોત્તમભાઈ કાકા -વડોદરા રૂા. ૨૫૧
૧૧૨ શ્રી. હંસાબેન ત્રિકમભાઈ પટેલ–વડોદરા રૂા. ૨૫૧
૧૧૩ શ્રી જયન્તીલાલ અંબાલાલ ત્રિવેદી–પુણે રૂા. ૨૫૧
૧૧૪ શ્રી. બી. એન. ભાવસાર–સુરત રૂા. ૨૫૧

## શુભેચ્છા સહાય

નવે. '૮૦ દરમ્યાન નીચે પ્રમાણે ભાઈઓ તરફથી 'અધ્યાત્મને' શુભેચ્છા સહાય પ્રાપ્ત થઈ છે. તેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

૫૧–૦૦ શ્રી હરિશભાઈ મગનલાલ કોન્ટ્રેક્ટર–વિદ્યાનગર
૧૧–૦૦ શ્રી મણિલાલ મ. લાડ મુ. પરવટ (જિ. સુરત)

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૨ અંક : ૩ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૦૦–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી–સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર–૩૬૪૦૦૧


### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવા.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦માએ અંક રવાના કરવામાં આવશે.

## ✻ અનુક્રમણિકા ✻


| | | |
|---|---|---|
| પ્રત્યેક ઉષા નૂતનવર્ષની ઉષા બને | ૧ | રૂપલ પરશુ રાવલ |
| સંસ્કારોના સીંચનનો સમય | ૫ | શ્રી યોગેશ્વરજી |
| નાગ મહાશય | ૮ | શ્રી નારાયણ હ. જાની |
| ગુરુકૃપાનો મારો અનુભવ | ૧૪ | શ્રી વિજય પુરોહિત |
| શ્રી સર્વેશ્વરી | ૧૯ | શ્રી ભાઈલાલભાઈ છાટબાર |
| પ્રાર્થના | ૨૨ | મહાત્મા ગાંધીજી |
| પ્રકાશના પંથે | ૨૪ | શ્રી યોગેશ્વરજી |
| હરિના ગમતામાં રહેવું | ૨૯ | શ્રી નાનુભાઈ દવે |
| યોગમુદ્રા | ૩૭ | શ્રી મણિભાઇ શાહ |
| સદ્જીવનની કસોટી | ૪૦ | વાસુદેવ મહેતા |
| તું તારો ડોક્ટર થા | ૪૫ | શ્રી બચુભાઈ શાહ |
| તમારા દિવ્ય દર્શનની | ૪૯ | શ્રી યોગેશ્વરજી |
| પ્રાર્થના (કાવ્ય) | ૫૦ | રજનીકાંત મહેતા |
| ચરણોની અનુરાગી | ૫૧ | પ્રભાબેન પજવાણી |
| ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના | ૫૨ | શ્રી યોગેશ્વરજી |
| ઉદાસીન સંપ્રદાય | ૫૫ | અંબાલાલ કાજી |
| શ્રી જલારામ બાપાએ પચ્ચીસ લાડુમાં બાવાઓની જમાત જમાડી | ૫૯ | શ્રી સૌભાગ્યચંદ રાજદેવ |
| પ્રશ્નોત્તરી | ૬૩ | શ્રી યોગેશ્વરજી |


# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો


વર્ષ : ૨ ડિસેમ્બર-૧૯૮૦ અંક : ૩


## સંસ્કારોના સિંચનનો સમય


શ્રી યોગેશ્વરજી


સંસ્કારોના સિંચનનો, જીવનને સુંદર બનાવવાનો, સર્વોત્તમ સમય કયો ? શાસ્ત્રો અને સંતો કહે છે કે શૈશવનો, કિશોરાવસ્થાનો કે યુવાવસ્થાનો સમય. ભર્તૃહરિ મહારાજે પોતાના પ્રસિદ્ધ ગ્રંથ વૈરાગ્ય શતકમાં કહ્યું છે કે–

યાવત્સ્વસ્થમિદં શરીરમરુજં યાવચ્ચ દૂરે જરા,<br>
યાવચ્ચેન્દ્રિયશક્તિરપ્રતિહતા યાવત્ક્ષયો નાયુષ:;<br>
આત્મશ્રેયસિ તાવદેવ વિદુષા કાર્ય: પ્રયત્નો મહાન,<br>
પ્રોદ્દીપ્તે ભવને પ્રકૂપખનનં પ્રત્યુદ્યમ: કીદૃશ:.

એટલે કે જ્યાં સુધી શરીર સ્વસ્થ અને શક્તિશાળી છે, વૃદ્ધાવસ્થા દૂર છે, ઇન્દ્રિયોની શક્તિ અકબંધ છે, અને આયુષનો ક્ષય નથી થયો, ત્યાં સુધી આત્મોન્નતિ અથવા આત્મકલ્યાણને માટે પ્રયત્ન કરવો જોઈએ. ઘરને આગ લાગે ત્યારે કૂવો ખોદવાની પ્રવૃત્તિ કરવાથી કાંઈ નથી વળતું.

શૈશવ, કૌમાર્ય અને યૌવન જીવનનો ઉષ:કાળ છે. જીવનની વસંત છે. એનો ઉપયોગ કરીને ભૌતિક અને આધ્યાત્મિક બંને

પ્રકારની સમુન્નતિ સાધી શકાય એ સમયના સંસ્કારો સમસ્ત જીવન પર્યંત કામ કરે છે. જીવનમાં ચિરસ્થાયી અથવા વજ્ર લેપ જેવા બને છે એટલા માટે જીવનના એ સ્વર્ણસમયને સાચવી લેવો અને સુધારવો આવશ્યક છે. આપણે ત્યાં તો કહેવામાં આવે છે કે માતા-ના ઉદરમાં જ ભાવિ શિશુનું સંસ્કાર-નિર્માણ થાય છે. એથી આગળ વધીને કહેવું હોય તો કહી શકાય કે પતિપત્ની શરીર સંબંધ માટે પ્રવૃત્ત બને તે સમયના સંકલ્પો અથવા મનોભાવો ભાવિ શિશુના જીવન ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સંસ્કારોનાં મૂળ એટલાં બધાં ઊંડાં છે, છતાં પણ સામાન્ય રીતે એટલું કહી શકાય કે કિશોરા-વસ્થા ને યુવાવસ્થા જીવનના સંસ્કાર નિર્માણની, આધ્યાત્મિક અભ્યુત્થાનની, અગત્યની અવસ્થા છે. બુદ્ધ, મહાવીર, જ્ઞાનેશ્વરમહારાજ શંકરાચાર્ય, ગુરુનાનકદેવ અને સમર્થ રામદાસના જીવનમાં એ અવ-સ્થાના વિકાસનાં સર્વોત્તમ સર્વશ્રેયસ્કર સુપરિણામો જોવા મળે છે.

આમ તો જીવનના અંત સમય સુધી જીવન સુધારની તક છે, આધ્યાત્મિક અભ્યુદયનો અવસર છે. માનવ છેલ્લી ઘડીએ જાગે તો પણ પોતાનું કલ્યાણ કરી શકે છે. જીવનની છેલ્લી ક્ષણ સુધી આત્મો-ન્નતિની આશા રહેલી છે. એ છતાં પણ જે વહેલો જાગે છે ને કાર્ય કરવા માંડે છે, એ સહેલાઈથી ને વહેલીતકે આત્મોત્કર્ષને સાધી લે છે. એની પાસે અધિક સમય રહે છે, એમાં શંકા નથી. જીવનનો ઉત્તરકાળ અથવા અંતસમય એની જીવન-સાધનાની સિદ્ધિનો શાંત, સુખમય, સફળ, સાર્થક સમય બની રહે છે માટે આત્મોન્નતિને માર્ગે જેટલા વહેલા જાગીને આગળ વધાય એટલું આવકારદાયક છે. આશી-ર્વાદરૂપ છે.

### ઉત્તિષ્ઠત જાગ્રત

ઊંઘ-પ્રમાદને દૂર કરીને પુરુષાર્થી બનો, ને વિવેકના જગતમાં જાગો. આજથી, અત્યારથી જ જાગ્રત બનો.



# સહાયક ભંડોળ યોજના

અધ્યાત્મની સહાયક ભંડોળ યોજનાને વાંચકો તેમ જ શુભેચ્છકોએ સારો એવો સહકાર આપ્યો છે. મે, ૧૯૮૦થી શરૂ કરાયેલ આ યોજનામાં અત્યારસુધીમાં ૧૧૪ જેટલા લાઇફ મેમ્બરો નોંધાઈ ગયા છે. તે બદલ તે સહુનો આભાર માનીએ છીએ.

આવતા બે વર્ષમાં ૪૦૦ જેટલા લાઇફ મેમ્બરો (આજીવન સભ્યો) નોંધવાની અમારી નેમ છે, જેથી માસિક ચલાવવામાં કોઈ આર્થિક મુશ્કેલી ન રહે.

'અધ્યાત્મ' ની આ સહાયક ભંડોળ યોજનામાં જોડાઈ આપ એક યજ્ઞકાર્યમાં સહાયભૂત બનો.

| ભારતમાં | | પરદેશમાં |
|---|---|---|
| રૂા. ૨૫૧ | લાઇફ મેમ્બર (આજીવન સભ્ય) | રૂા. ૧૫૦૧ |
| રૂા. ૫૦૧ | સહાયક પેટ્રન | રૂા. ૨૦૦૧ |
| રૂા. ૧૦૦૧ | પેટ્રન | રૂા. ૨૫૦૧ |

સારા કાર્યમાં સાથ આપવો એ પણ એક સત્કર્મ છે, એ હંમેશાં યાદ રાખો

## દિલગીર છીએ

નવેમ્બર '૮૦નો અધ્યાત્મનો અંક દિવાળીના તહેવારોને લીધે ગ્રાહકોને મોડો મળ્યો તે બદલ દિલગીર છીએ.

# નાગ મહાશય

નારાયણભાઈ હ. જાની.

શ્રી રામકૃષ્ણ પરમહંસના એક અદ્દભૂત ગૃહસ્થી શિષ્ય.

નાગ મહાશય પરમહંસ શ્રી રામકૃષ્ણદેવના ખૂબ જાણીતા શિષ્યોમાંના એક હતા. તેઓ હોમિયોપથી દાકતર હતા. પૂ. શ્રી. રામકૃષ્ણદેવને મળ્યા તે અગાઉ જ તેઓએ કલકત્તામાં એક સારા ડોકટર તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. જો તેઓ પોતાના નીતિમત્તાના સિદ્ધાંતોમાં બહુ અડગ રહ્યા ન હોત તો તેઓ ઘણી સહેલાઈથી શ્રીમંત બની શકયા હોત. તેઓ એટલા બધા દયાળુ હતા કે પોતાના ગરીબ દર્દીઓ પાસેથી કશી ફી લેતા જ નહિ; એટલું જ નહિ, પરંતુ તેઓમાંના જરૂરીયાતવાળાઓને ખોરાક અને કપડાંની પણ મદદ કરતાં. જ્યારે શ્રીમંતો પાસેથી પણ દવાની કિમ્મત જેટલી જ પોતાની ઠરાવેલી ફી લેતા. એથી આગળ વધીને તેઓ દર્દી પાસે કદી પૈસાની ઉઘરાણી કરતા નહિ. દર્દીએ પોતાની મેળે જ પૈસા આપવા પડતા. આમ દર્દીઓની સારવારમાંથી કોઈ પણ પ્રકારનો આર્થિકલાભ ઉઠાવવાની વૃત્તિનો તેમનામાં સંપૂર્ણ અભાવ હતો.

પરંતુ શ્રી. નાગ મહાશયને તેમના આ માનવતાવાદી વ્યવહારથી સંતોષ નહોતો થતો. તેઓ તો ઈશ્વરના સાક્ષાત્કાર માટે ઝંખતા હતા. આથી તેઓ પોતાનો ઘણો ખરો સમય ધ્યાન ધારણા તેમ જ સત્સંગમાં ગાળતા. એકવાર તેમના એક મિત્રને સત્સંગના સાથીએ બ્રહ્મોસમાજમાંથી સાંભળ્યું કે દક્ષિણેશ્વર મંદિરમાં એક ઘણા મહાન મહાત્મા રહે છે. તેઓએ



શ્રી નાગ મહાશયને આની વાત કરી. તે પછી તેઓ બન્ને સાથે શ્રી રામકૃષ્ણદેવની મુલાકાતે ગયા.

આ મુલાકાત પછી તો બીજી ઘણી મુલાકાતો થઈ; શ્રી નાગ મહાશયને તુરત જ ખાત્રી થઈ ગઈ હતી કે શ્રી રામકૃષ્ણદેવ કેવળ મહાન સંત જ નહિ, પરંતુ ઇશ્વરના અવતાર છે. એકવાર, જ્યારે તેઓ બન્ને એકલા હતા ત્યારે શ્રી રામકૃષ્ણદેવે તેમને સામેથી કહ્યું, “ અરે તમે તો ડોકટર છો. મહેરબાની કરી મારા પગ તો તપાસો, તેમને શું થયું છે ?”

નાગ મહાશયે તુરત જ પગ તપાસ્યા; પરંતુ તેમાં કોઈ રોગ જણાયો નહિ. આથી શ્રી રામકૃષ્ણદેવે ફરી તેમને કહ્યું, “ જરા બરાબર કાળજીપૂર્વક તો જુઓ. ” પરંતુ હવે શ્રી નાગ મહાશયને સમજાયું કે તેમની પોતાની જે અપ્રકટ ભાવના—તેઓના પવિત્ર ચરણારવિંદને સ્પર્શ કરવાની હતી, તે તેઓ આમ પૂરી કરતા હતા! પાછળથી શ્રી નાગ મહાશય કહેતા કે કોઈપણ વસ્તુ માટે શ્રી રામકૃષ્ણને કહેવાની જરૂરત ન રહેતી. તેઓ પોતે જ ભક્તોના મનની ભાવનાઓ કળી જતા. અને તેમની જે સાચી ભાવનાઓ હોય તે પૂરી કરતા.

શ્રી. રામકૃષ્ણદેવ જે કંઈ કહેતા, કદીક મજાકમાં પણ, તેને શ્રી નાગ મહાશય સંપૂર્ણ સત્ય માની લેતા. એક મુલાકાતના પ્રસંગે, તેઓશ્રીએ શ્રી. રામકૃષ્ણદેવને ભક્તોને કહેતા સાંભળ્યા કે; “ડોકટરો, વકીલો ને દલાલો માટે ઇશ્વરના માર્ગે પ્રયાણ કરવાનું અઘરૂં છે… જો માણસનું મન દવાના નાજુક ટીપાને જ વળગેલું રહે તો તે અનંત-નિરાકારનું ચિંતન શી રીતે કરી શકવાનું ?”

બસ. વિનોદમાં કહેવાએલી આ વાતને શ્રી નાગ મહાશયે તો ખરેખર સત્ય માની લીધી. અને તે જ દિવસે સાંજે તેઓએ પોતાની દવાની પેટી ને દાકતરી પુસ્તકોને ગંગામાં પધરાવી દીધાં; વળી મનમાં નક્કી કર્યું કે હવે પછી પોતાનો બધો જ સમય આધ્યાત્મિક ચિંતનમનન ને ધ્યાનધારણામાં ગાળવો, " પછી તેઓ શ્રી રામકૃષ્ણદેવ પાસે ગયા ને સાધુ થવા માટે અનુમતિ માંગી. પરંતુ શ્રી રામકૃષ્ણદેવે તેમને તે ન આપી. ઉલટું કહ્યું, " તમે ઘરમાં રહીને જ તમારા મનને ઈશ્વરમાં સતત જોડેલું રાખો." પછી ઉમેર્યું " તમારું જીવન અન્ય ગૃહસ્થીઓ માટે આદર્શરૂપ બની રહેશે."

તે પછી શ્રી. નાગ મહાશય ને તેમનાં પત્ની ખૂબ સાદગી-ભર્યું ભક્તિમય જીવન જીવવા લાગ્યાં. શ્રી રામકૃષ્ણદેવે તેમને સૂચના આપી હતી કે તેઓ ઘરમાં રહીને જ સંત-પુરુષો સાથેનો સમાગમ કરે. આથી શ્રી નાગ મહાશયે સામું પૂછ્યું, ' હું સંતપુરુષોને ક્યાં શોધવા જાઉં ?

શ્રી. રામકૃષ્ણદેવે તુરત જવાબ આપ્યો. " તેની ચિન્તા ના કરતા. તેઓ સામેથી તમારી પાસે આવશે."

શ્રી રામકૃષ્ણદેવના સ્વર્ગવાસ પછી પૂર્વ બંગાળમાં, ઢાકાથી બહુ દૂર નહિ એવા પોતાના વતન દેવભાગમાં રહેવા ચાલ્યા ગયા. અહીં શ્રી રામકૃષ્ણદેવની તેઓ વિષેની આગાહી જાણે કે અક્ષરશઃ સાચી પડી હોય તેમ દરેક મુલાકાતીને ઈશ્વરના પ્રતિનિધિરૂપ પવિત્ર માની એની સાથે ખૂબ પ્રેમભર્યો વ્યવહાર કરતા. પોતાને ત્યાં આવેલા અતિથિઓની સારસંભાળ રાખવા માટે તેઓ ગમે તેવું કષ્ટ ઉઠાવવા કે ભોગ આપવા હંમેશાં તત્પર રહેતા.



એમની પાસે ભાગ્યે જ કંઈ પૈસા હતા. જીવન ટકાવી રાખવા માટે આવશ્યક એટલું જ એ ખાતા. વળી તેઓને પેટના દુઃખાવાનું હઠીલું દર્દ પણ હતું. આમ છતાં તેઓ કોઈને પોતાની સારવાર કે સંભાળ કરવા દેતા નહિ. એટલું જ નહિ પરંતુ કોઈપણ અતિથિના ભોજન અને સ્વાગત માટે હંમેશા તત્પર રહેતા. એકવાર મહેમાનોને માટે રાંધવાનું બળતણ ન હતું. આથી તેમણે ઘરનો એક લાકડાનો ટેકો ( ખૂંભી, ) કાપી નાંખ્યો. એમની નમ્રતા ખૂબ આશ્ચર્ય પમાડે તેવી હતી.

બીજા એક પ્રસંગે, એમને મળવા બે સાધુઓ આવ્યા. પરંતુ નાગ મહાશયે એમને એટલા બધા ભાવથી સન્માન્યા કે તેઓ ખરેખર મુંઝાઈ ગયા ને બને તેટલી જલ્દી, ત્યાંથી રવાના થયા. શ્રી નાગ મહાશયે એમની સાથે સ્ટેશન સુધી મૂકવા આવવાનો આગ્રહ સેવ્યો. સ્ટેશને જ્યારે ગાડી આવી ત્યારે તેમાં ખૂબ ભીડ હતી. આથી બીજા મુસાફરો પ્રથમ તો આ બન્ને સાધુઓને ગાડીના ડબામાં પેસવા જ દેતા ન હતા, આ જોઈ ને શ્રી. નાગ મહાશયને ભારે દુઃખ થયું. તેમનાથી ચીસો પડાઈ ગઈ, એટલું જ નહિ પણ મુસાફરોના આવા વ્યવહારથી તેઓએ પોતાનું માથું કૂટવા માંડ્યું. આ જોઈ આખરે મુસાફરો શરમાયા ને તેઓને સાધુઓ પ્રત્યેના પોતાના આવા વ્યવહાર બદલ પશ્ચાતાપ થયો. આમ શ્રી. નાગ મહાશય સાધુઓ પ્રત્યે લોકોનો દુર્વ્યવહાર જરા પણ સહી ન શકતા.

એક બીજા પ્રસંગે, શ્રી. નાગ મહાશયનાં પત્ની ઘરના ખૂબ જરૂરી સમારકામ માટે સુતારને બોલાવી લાવ્યાં. પરંતુ

તેઓ માટે આ સુતારને ભારે પરિશ્રમયુક્ત કામ કરવું પડતું જોઈ, તેમણે તેને ના પાડી દીધી.

એટલું જ નહિ તેને શ્રી નાગ મહાશય પંખો નાખવા લાગ્યા. અને પીવા માટે હુકકો પણ ભરી લાવ્યા. જ્યારે શ્રી નાગ મહાશયને હોડીમાં સફર કરવાની આવતી, ત્યારે તેઓ જાતે જ હલેસાં મારવાનો આગ્રહ રાખતા, કારણ કે હોડીવાળાને પોતાને સામે કિનારે લઈ જવાનું કોઈ કષ્ટ ન પહોંચે. શ્રી નાગ મહાશયના આવા વર્તનથી, બીજા મુસાફરો એમની હોડીમાં બેસવાનું ટાળતા; કે જેથી એમને પણ હલેસાં મારવાનું કષ્ટ ભોગવવું ન પડે.

શ્રી. રામકૃષ્ણદેવની જેમ, શ્રી. નાગ મહાશય પણ બધા જ ધાર્મિક પૂર્વગ્રહોથી સંપૂર્ણ પર હતા. તેમને મન હિંદુ, મુસલમાન કે ખ્રિસ્તી વચ્ચે કોઈ મૂળભૂત ભેદભાવ ન હતો. તેઓને બધા જ ધર્મો પ્રત્યે સરખો આદર હતો. એટલે તો તેઓ જ્યારે કોઈ મસ્જીદ કે દેવળ આગળથી પસાર થતા, ત્યાં નમન કરતા ને મહમંદ પેગંબર કે ભગવાન ઈશુ ખ્રિસ્તીનું સ્મરણ કરતા.

શ્રી. રામકૃષ્ણદેવના સ્વર્ગવાસ પછી તેઓ ઘણીવાર દક્ષિણેશ્વર આવતા; પરંતુ તેઓશ્રીના ઓરડામાં ફક્ત એકવાર જ ગયા હતા. શ્રી રામકૃષ્ણદેવ વિનાના એ ઓરડાને જોતાં જ એમનું હૃદય એટલું બધું લાગણીશીલ બની ગયું ને વ્યથા થઈ કે તેઓ ફરી એ ઓરડા તરફ જવાની હિમ્મત જ ન કરી શકયા. ને પછી દક્ષિણેશ્વર જ્યારે પણ તેઓ આવતા ત્યારે દૂરથી તે ઓરડાને પ્રણામ કરી, પાછા વળી જતા.



તેઓ કદીક મા શ્રી શારદામણિની તેમ જ આલમબજારના આશ્રમની મુલાકાતે જતા. પરંતુ તેઓ આ આશ્રમમાં રાત રહેવા માટે કદી સંમત ન થતા. એની પાછળ એમની એક જ ભાવના કામ કરતી હતી કે શ્રી રામકૃષ્ણદેવે એમને એક ગૃહસ્થી તરીકે રહેવાનો જે આદેશ આપેલો, તેનો રખે કોઈ ભંગ થઈ જાય! આમ શ્રી રામકૃષ્ણદેવના આદેશોનું એમણે જીવનપર્યંત અક્ષરશઃ પાલન કર્યું. એવી અદ્‌ભૂત એમની શ્રદ્ધા શ્રી રામકૃષ્ણદેવનાં વચનોમાં હતી.

શ્રી. નાગ મહાશયનો સ્વર્ગવાસ. ડિસેમ્બર, ૧૮૯૯માં થયો. એમના મૃત્યુ પહેલાં જ આખા બંગાળમાં લોકો એમને એક સંત તરીકે પૂજતા થયા હતા. એવા એ અદ્‌ભૂત ગૃહસ્થી સંતને આપણું શિર નમ્યા વિના રહી શકતું નથી.


" જીવનમાં ભૌતિક સંપત્તિ ગમે તેટલી હોય, પરંતુ જ્યાં સુધી આત્મિક સુખ માટેની ભૂખ નથી જાગતી, ત્યાં સુધી સાચા, સુખ કે શાંતિનો અનુભવ નથી થતો. "

-શ્રી યોગેશ્વરજી

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

શાંતિભાઈ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૬૯૧૭

# ગુરૂકૃપાનો મારો અનુભવ

શ્રી વિજય પુરોહિત

ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં નામી અને અનામી અનેક સમર્થ ગુરૂઓ થયા છે ને પ્રાચીન કાળથી ચાલી આવતી આ પરંપરા આજે પણ નામશેષ નથી થઈ. તેની પ્રતીતિ સાચા શરણાગત સાધકને થતી રહે છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રી સહજાનંદ સ્વામી, શ્રી રમણ મહર્ષિ કે સ્વામી યોગાનંદ જેવા જ્ઞાત મહાપુરુષોનાં જીવનમાં પોતાને શરણે આવેલ શિષ્યોને તેઓએ ઉચ્ચ આધ્યાત્મિક સત્યોની અનુભૂતિ કરાવી, એમની શંકાઓનું નિરસન કર્યું છે. ને પ્રલોભનો તેમજ અન્ય સાંસારિક વિઘ્નો સામે ઝઝૂમવાનું બળ પણ પુરૂં પાડયું છે.

આજના યુગમાં પણ આ સત્યની અનુભૂતિ સાધક કરી શકે તેમ છે. ફક્ત તે માટે જરૂર છે સાચા ભાવથી ગુરૂનું શરણ લેવાની.

સને ૧૯૭૭ની સાલની આ વાત છે.

દિવાળીના તહેવારો પછી મને મનમાં પ્રબળ ઈચ્છા થઈ કે કઠોર વ્રત કરીને પણ એકવાર સગુણ ઈષ્ટનાં દર્શન કરી લેવાં. એ માટે જીવનની બાજી લગાવી દેવી પડે તો ભલે આવા ભાવો પહેલાં પણ થતા. પરંતુ આ વખતના ભાવોમાં તીવ્રતા હતી ને હૃદયમાં ઉત્સાહ પણ.

આથી મેં નિશ્ચય કર્યો કે આ વ્રતમાં અન્ન અને જળ



બન્નેનો ત્યાગ કરી, મારા ઈષ્ટ ભગવાન શ્રીકૃષ્ણ જ્યાં સુધી દર્શન ન આપે ત્યાં સુધી તપવું. પરંતુ આ નિશ્ચયના અમલમાં મોટી મુશ્કેલી મોટાભાઈની અનુમતિ મેળવવાની હતી; કારણ કે હું એમની સાથે રહેતો હતો. આથી એક દિવસ ભાઈને વાત કરી.

મારી વાત સાંભળી એમને હસવું આવ્યું. "ગાંડા, આવું તે વ્રત લેવાતું હશે?" પછી કહી દીધું. "મારી સાથે રહી, આવું વ્રત નહિ થઈ શકે." હવે મારે માટે એકજ માર્ગ ઉઘાડો હતો કે જો વ્રત કરવુંજ હોય તો સ્વતંત્ર મકાન લઈને ત્યાં કરવું. આથી મેં મકાનની શોધ આરંભી. પરંતુ પાલનપુરમાં એટલું જલદી મકાન મળે ક્યાંથી?

જ્યાં તપાસ કરૂં ત્યાં જવાબ મળે, બે ચાર દિવસ પહેલાં જ આપી દીધું. મિત્રો આગળ વાત નીકળતાં એક મિત્રએ ટીખળ કરતાં કહ્યું, "અરે તમારે વળી મકાન શોધવા માટે આમ ફરવાની શી જરૂર? ભગવાનને પ્રાર્થના કરો, એટલે એ બધું જ ગોઠવી આપશે."

મિત્રએ ટીખળમાં કહેલી આ વાત મારા મનમાં બરાબર ઠસી ગઈ. આથી મેં મારા ગુરુદેવ તેમજ ભગવાન કૃષ્ણને મને આવડે તેવી કાલીઘેલી ભાષામાં પ્રાર્થના કરવા માંડી.

આઠ દિવસ સુધી પ્રાર્થનાનો કોઇ પ્રત્યુત્તર ન સાંપડ્યો. પરંતુ એથી હું નિરાશ ન થયો. મેં તો ઉત્કટતાપૂર્વક મારી પ્રાર્થના જારી રાખી આર્તભાવે ગદ્ગદ્ કંઠે મારી પ્રાર્થના હું કર્યા કરતો. આ ક્રમ દિવસ અને રાતે પણ ચાલુ રહેતો. કદીક આંખમાંથી આંસુની ધાર પણ વહેવા માંડતી.

ત્યાં નવમા દિવસે રાત્રે મને સ્વપ્નમાં મારા ગુરુદેવનું દર્શન થયું. એમણે કહ્યું " તમે ઘેર ( પીથાપુર–રાજસ્થાન ) જાઓ, હું જરૂર આવીશ " આથી મને ખૂબ આનંદ થયો. પરંતુ મન પાછું શંકા કરવા લાગ્યું. " સ્વપ્નની વાતો ઉપર ભરોસો કેમ રખાય ? મનના તરંગ કે ભાવનું એમાં પ્રતિબિંબ હોય. "

આ વિચારે પાછી મનમાં ઉદાસીનતા વ્યાપી. પરંતુ મેં મારી પ્રાર્થનાઓ ચાલુ જ રાખી. તો મને બીજી જ રાતે ફરી ગુરુદેવે સ્વપ્નમાં દર્શન આપી કહ્યું, " તમે ગામમાં જાઓ તો ખરા, હું જરૂરથી આવીશ " એ સ્વપ્નથી મારા મનમાં પ્રસન્નતા વ્યાપી ગઈ. થયું કે ગુરુદેવ ભલે દૂર હોય, પણ ત્યાં બેઠા બેઠાય આપણી સંભાળ રાખે છે ખરા. નહિ તો સ્વપ્નમાં આમ દર્શન આપે નહિ.

છતાં પાછો મનમાં એક બીજો ભાવ ઉઠ્યો. થયું કે જો હવે ત્રીજીવાર ગુરુદેવ દર્શન આપે તો માનું કે આ કામમાં એમની અનુમતિ ખરેખર છે. જન્માંતર સંસ્કારોની શંકાવૃત્તિ કેવો કેવો ખેલ કરતી હોય છે તેનો અનુભવ મને થયો.

એટલે ફરી પ્રાર્થના કરવા માંડી. " પ્રભો, મારા પર અનુગ્રહ કરો. મને દર્શન આપો. હું આપને શરણે છું. "

અને મારી એ પ્રાર્થનાનો પ્રત્યુત્તર પ્રભુએ ખૂબ સાનુકૂળ-રૂપે વાળ્યો. ત્રીજી રાતનું એ સ્વપ્ન આજે પણ એટલું જ સુસ્પષ્ટ સ્મૃતિપટ પર અંકિત થયેલું છે. મારા ગુરુદેવે પ્રેમભર્યા શબ્દોમાં કહ્યું, " તમે ઘરે જાઓ. હું જરૂરથી આવીશ. ( ગામડે ) કુશ્મેશ્વર મહાદેવના મંદિરે પણ જઈશું. "

ત્રીજીવારના સ્વપ્ન દર્શને મારી શ્રદ્ધામાં ખૂબ વધારો



કરી દીધો અનેક માઈલ દૂર હોવા છતાં, મારા ગુરુદેવ મને પાસેજ લાગ્યા. તેઓ મારૂં કેટલું બધું ધ્યાન રાખતા હશે ? એ વિચારે મારૂં મન ભાવવિભોર બની ગયું.

છતાં મન પોતાની મર્કટગીરી છોડે એવું થોડું છે ?– મને તુરત વિચાર આવ્યો કે મારાં માબાપ મારી સ્વપ્નની આ વાત ઉપર કેટલો વિશ્વાસ કરશે કે પછી મારી વાતને માત્ર મનના તરંગ ગણી હસી કાઢશે ? એટલે પાછો તુર્તજ બીજો વિચાર આવ્યો, " સ્વપ્નમાં તો ઠીક પરંતુ ધ્યાનમાં અનુભવ થાય તો તે બીજાઓને વધારે પ્રતિતીકર થાય. "

બસ, પછી પાછા મનમાં એજ વિચારો ઉભરાવા માંડ્યાં ને ગુરુદેવ તેમજ શ્રી ભગવાન કૃષ્ણને પ્રાર્થનાઓ ભાવપૂર્વક કરવા માંડી. આંતરિક સ્મરણ સતત ચાલતું ને મનોમન હું આત્મનિવેદન તેમજ કૃપા યાચના કર્યા કરતો. આમ એક દિવસ પસાર થયો.

રોજના નિયમ પ્રમાણે હું ૧૧ વાગે નામજપ સાથે ધ્યાન કરતો. એટલે તે માટે આસન ઉપર બેઠો. થોડીવાર નામજપ ચાલ્યાં ત્યાં મારૂં મન બે ભ્રમરોની વચ્ચે આજ્ઞાચક્રમાં ખેંચાવા માંડ્યું. ત્રણ ચાર વાર એવો અનુભવ થયો તે મન જાણે અંધકારમાં ઝબોળાઈ ને ફરી પાછું જાગૃતિમાં આવતું હોય એમ અનુભવાયું. પછી અચાનક એ અંધકારમાંથી તેજનું વર્તુલ ઊભું થયું અને એમાં મેં મારા ગુરુદેવ શ્રી યોગેશ્વર-જીને અમારા ગામના કુવાથી ઘર ઘર તરફ શાંત ને પ્રસન્ન ચિત્તે ચાલતા જતા જોયા, એજ શ્વેતવસ્રો, શ્વેત ચંપલ ને પછી તેજસ્વી ગૌર મુખ. આ દશ્ય બેત્રણ મિનિટ ચાલ્યું ને પછી અદૃશ્ય થઈ ગયું.

હવે મારી પ્રસન્નતાનો પાર ન રહ્યો. મને લાગ્યું શ્રી ગુરુદેવે મારી ભાવના અને ઈચ્છાઓ પ્રમાણે વિવિધ રીતે દર્શન આપી, કૃતકૃત્ય કરી દીધો.

આ મારો જાત અનુભવ. એણે ભગવાનમાં તેમજ ગુરુમાં મારી શ્રદ્ધા ખૂબ વધારી દીધી.

ધ્યાનમાંથી ઊઠ્યા પછી મારી આંખમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યા. ગુરુદેવની કેવી અદ્ભુત કૃપા ને કરૂણા!

नायमात्मा प्रवचनेन लभ्यो
न मेधया न बहुना श्रुतेन।
यमेवैष वृणुते तेन लभ्य-
स्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम्॥

આત્મદર્શન કોને થાય? બહુ વિદ્વત્તાપૂર્ણ પ્રવચન આપવાની શક્તિ ધરાવવાથી આત્મદર્શન થતું નથી, તેમ સુંદર બુદ્ધિપ્રતિભા ધરાવવાથી કે અનેક ગ્રંથોનું વાંચન કે અભ્યાસ કરવાથી પણ નહિ.

આત્મદર્શન તો એ બડભાગી જીવને થાય છે, જે તેને પ્રાપ્ત કરવા જીવનની સર્વે ઇતિર વસ્તુઓનો ત્યાગ કરી કેવળ એને જ પામવા માટે પસંદગી કરી લે છે ને તે માટે સર્વશ્રેષ્ઠ ભોગ આપવા તૈયાર થાય છે.

(કઠોપનિષદ્)



# શ્રી સર્વેશ્વરીજી (ઑક્ટો. ૮૦ના અંકથી ચાલુ)

**શ્રી. ભાઈલાલ છાટબાર**

પૂર્વજન્મનાં સંબંધિત હોવાની વાત પણ પહાડ ચઢતાં પહેલાં તે રાતે ત્યારે જ અને અન્ય બંને વાત, યાત્રાપ્રવાસ પૂરો કર્યા બાદ, આંતરે આંતરે અલગ પત્રો લખીને શ્રી સર્વેશ્વરીજીને મેં જણાવેલ.

શ્રી શૈલમ પર પ. પૂ. શ્રી એ દીક્ષા આપ્યાની વાત વળતી સવારે શ્રી સર્વેશ્વરીજીએ મને કહેલ. (સં. ૨૦૩૪ પોષ સુદી ૧૧–૧૨ શુક્ર–શનિ વચ્ચેની રાત.)

દ. ભારતના તમામ રાજ્યોના મુખ્ય મુખ્ય તીર્થસ્થાનોની યાત્રા દરમિયાન પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ અનેક ગીત-ભજન લખ્યાં; તેમ શ્રી સર્વેશ્વરીજીની કલમ પણ તે દિશામાં ચાલતી રહી, '**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**'— આ પંક્તિથી શરૂ થતું મધુર ભાવવાહી ગીત તા-૧૫–૧–૭૮ ના રોજ અજંટાની મુલાકાત વખતે શ્રી સર્વેશ્વરીજીની કલમે ઉતર્યું હતું.

યાત્રા દરમિયાન શ્રી સર્વેશ્વરીજીએ નિયમ રાખેલ કે પ. પૂ. શ્રી યોગેશ્વરજી ભોજન કરે તે પછી જ ભોજન કરવું. કદીક ગાડીઓ આગળ પાછળ થઈ જતી તો તેઓ બે વાગ્યે ભોજન પામતા. પ. પૂ શ્રી રાતે આઠ વાગ્યા પછી ભોજન લેતા નહિ; તો કેટલાક તીર્થધામે મોડી રાતે પહોંચવાનું બનેલું ત્યારે કુલ તેર રાતો શ્રી સર્વેશ્વરીજીએ રાતનું ભોજન લીધું ન હતું.

યાત્રાપ્રવાસ દરમિયાન રસ્તે, ચાલતી ગાડીએ ગીત–ભજન અને ધૂનની રમઝટ બોલતી. તેમાં સાથ પૂરાવવામાં શ્રી સર્વેશ્વરીજી અગ્રસ્થાને હતાં. અનેક તીર્થધામોમાં તેઓએ સહયાત્રીઓની અને સૌંદર્યસ્થાનોની તસ્વીરો પોતાના કેમેરામાં ઝડપી હતી. સારીય યાત્રા દરમિયાન તેઓએ સહયાત્રીઓને સહકાર, સેવાભાવ અને સમર્પણભાવનાનું અનુકરણીય દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું.

યાત્રામાં સવારે પ્રવાસના આરંભે અને રાતે પ્રવાસના અંતે પ્રતિદિન ધ્યાન અને સત્સંગનો કાર્યક્રમ એક કલાક માટે રહેતો. પ્રાતઃકાલીન અને સાયંકાલીન આ સત્સંગને અંતે ગવાતા ગીત–ભજનમાં શ્રી સર્વેશ્વરીજીનો સક્રિય ફાળો રહેતો.

## મોરબીની શકવર્તી શિબિર :

મે–૧૯૭૮માં અમદાવાદમાં શિબિર યોજાઈ. આ વખતે જ શ્રી સર્વેશ્વરીજીની દિવ્ય મહાનતાનો આણસાર તો કેટલાક સાધકોને આવી ગયેલ.

મે–૧૯૭૯માં મોરબીની શિબિર થઇ. અહીં પ. પૂ શ્રી એ યોગેશ્વરજીએ પોતે જ શ્રી સર્વેશ્વરીજીના પૂર્વજન્મ વિશેનું રહસ્ય સૌ સમક્ષ પ્રકટ કર્યું. આ એક ચમત્કૃતિપૂર્ણ સત્ય હકીકતના રહસ્યનું પ્રકટીકરણ હતું. પ. પૂ. શ્રી એ એવી હકીકત પણ પ્રકટ કરી કે—“ સાક્ષાત્ મા ભગવતીએ જ તેઓ ( અસલ નામ સરોજબહેન ) ને ‘ સર્વેશ્વરીજી ’ નામ આપ્યું છે. ”



આ શિબિર ખરેખર શકવર્તી ઠરી. સૌએ શ્રી સર્વેશ્વરીજીનું યોગ્ય રીતે જ ત્યાં બહુમાન કર્યું. તેઓનું દૈવી વિશાળ વ્યક્તિત્વ ત્યાં પ્રકાશ પામ્યું. સૌ એમને ‘મા’ ની પેઠે ત્યારથી જ જોતા થયા, ને એ સંબોધનથી બોલાવવા લાગ્યા.

## કઠીન ઉપવાસ વ્રત :

જાન્યુ. ૭૯થી માર્ચ ૧૯૭૬ ના સમય દરમ્યાન શ્રી સર્વેશ્વરીજીએ પાણી તથા દૂધ ઉપર ૬૦ દિવસના એકધારા ઉપવાસો કર્યા. આ દિવસો દરમિયાન તેઓ પોતાની શાળાના આચાર્ય તરીકેની ફરજ પણ બરાબર બજાવતાં. ઉપવાસોના પરિણામે શરીર દૂબળુ થઈ ગયેલું તેમજ એમનું રહેઠાણ શાળાના સ્થાનથી આઠેક કીલોમીટર દૂર હોવાથી રોજ લ્યુના ઉપર જવું પડતું. છતાં તેઓ કોઈપણ પ્રકારની શારીરિક નબળાઈ અનુભવ્યા વગર કાર્ય કરી શક્યાં. એ એમના ખૂબ મજબૂત મનોબળની પ્રતીતિ કરાવી જાય છે.

આ કપરી સાધનાના પરિણામે તેઓને કેટલાક ઉત્તમ આધ્યાત્મિક અનુભવો થયા, જેમણે એમનો ઉત્સાહ ખૂબ વધારી દીધો.

આ પછી સં. ૨૦૩૫નાં ચૈત્રી નવરાત્રિમાં તેઓએ પ્રથમ પાણી ઉપર પરંતુ પછી છાશ ઉપર ફરી પાછા ઉપવાસો કર્યા. પાણી પરથી છાશ ઉપરનો ફેરફાર પણ પૂ. શ્રી યોગેશ્વરજીના સૂચનથી જ કરેલો. આ દિવસો દરમ્યાન છાશ સિવાય ફળફળાદિ કે દૂધ કશું જ તેઓ ન લેતાં. આ વ્રતમાં તેઓને પૂ. શ્રી યોગેશ્વરજીના સાન્નિધ્યથી સારો લાભ થયો. તેઓનું પણ કેવલ પાણી ઉપરનું વ્રત તે વખતે ચાલતું હતું.

# પ્રાર્થના

મહાત્મા ગાંધીજી

પ્રાર્થનાએ મારું જીવન બચાવ્યું છે એના વગર હું વર્ષો પહેલાં ગાંડો થઈ ગયો હોત. મને જાહેર અને અંગત જીવનમાં કડવામાં કડવા અનુભવો થયેલા છે એને લીધે હું તત્કાલ પુરતો નિરાશામાં ઘેરાઈ ગયો છું એ નિરાશામાંથી જો હું બહાર નીકળી શક્યો હોઉં તો તે પ્રાર્થનાનાં જોરે સત્યની પેઠે. એ મારા જીવનનો અંશ નહોતી, કેવળ આવશ્યકતામાંથી એ આવેલી છે. કારણ, હું એવી સ્થિતિમાં આવી પડતો જેમાં પ્રાર્થના વગર મને સુખ મળે જ નહીં. અને જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ મારી ઈશ્વર ઉપરની શ્રદ્ધા વધતી ગઈ અને પ્રાર્થનાની ઝંખના વધુ ને વધુ પ્રબળ બનતી ગઈ. એના વગર જીવન નીરસ અને ખાલી લાગવાં માંડ્યું. મેં દક્ષિણ આફ્રિકામાં ખ્રિસ્તીઓની પ્રાર્થનામાં હાજરી આપી હતી, પણ એ મારા ચિત્તને કબજે ન કરી શકી. હું એ લોકો સાથે એમાં એકતાર ન થઈ શક્યો, તેઓ ઈશ્વર આગળ નમ્રભાવે માંગણી કરતાં, હું એમ ન કહી શક્યો. હું એકદમ જુદો પડી જતો અને નિષ્ફળ જતો. શરૂઆતમાં મને ઈશ્વર ઉપર કે પ્રાર્થના ઉપર વિશ્વાસ નહોતો. અને એના વગર જીવનમાં શૂન્યતા પણ બહુ પાછળથી લાગવા માંડી. પણ ત્યારે મને લાગ્યું કે જેમ ખોરાક વગર શરીરને ચાલતું નથી, તેમ પ્રાર્થના વગર આત્માને ચાલતું નથી. ખરું જોતા આત્માને જેટલી જરૂર પ્રાર્થનાની છે. તેટલી શરીરને ખોરાકની નથી. કારણ, ઘણીવાર શરીર તંદુરસ્ત રાખવા માટે ઉપવાસ આવશ્યક હોય છે, પણ પ્રાર્થનાના ઉપવાસ જેવી



કોઈ વસ્તુ નથી. પ્રાર્થના કદી વધુ પડતી થતી જ નથી. દુનિયાના ત્રણ મોટામાં મોટા ઉપદેશકો બુદ્ધ, ઈસુ અને મહંમદ — પોતાની પાછળ જેને પડકારી ન શકાય એવો પુરાવો મૂકતાં ગયા છે કે પોતાને પ્રાર્થના મારફતે જ્ઞાન પ્રાપ્ત થયું હતું. અને એના વગર પોતે કદાચ જીવી પણ ન શકત. કરોડો હિંદુઓ, મુસલમાનો અને ખ્રિસ્તિઓને પોતાના જીવનમાં કેવળ પ્રાર્થનાથી જ સાંત્વન મળે છે. તમે એ લોકોને કાંતો જૂઠા કહો અથવા ભ્રમિત કહો. હું તો કહીશ કે જેના વિના મારું જીવન એક ક્ષણ પણ નભી ન શક્યું હોત તે મુખ્ય આધાર અથવા લાકડી 'જૂઠ' હોય તો એ : 'જૂઠ' મને સત્યના શોધકને મુગ્ધ કરે છે. રાજકારણની ક્ષિતિજ ઉપર મારી સામે નિરાશા સિવાય કશું નહોતું ત્યારે પણ મારી શાંતિ મેં કદી ગુમાવી નથી. સાચી વાત તો એ છે કે મેં લોકો ને મારી શાંતિની ઈર્ષ્યા કરતાં જોયા છે. એ શાંતિ પ્રાર્થનામાંથી આવે છે.

હું વિદ્યાનો માણસ નથી. પણ પ્રાર્થનાનો માણસ હોવાનો નમ્રપણે દાવો કરું છું. મને કોઈ વિધિની પડી નથી. એ બાબતમાં દરેક માણુસ પોતાને રસ્તે જઈ શકે છે. પણ કેટલાક રસ્તા સ્પષ્ટ આંકેલા હોય છે. અને પ્રાચીન કાળના ગુરુઓ જે રસ્તે ગયા હતા તે વપરાયેલે રસ્તે જવામાં સલામતી છે. મેં મારી અંગત સાક્ષી આપી. દરેક પ્રયોગ કરીને અનુભવ લેવાનો છે કે દરરોજ પ્રાર્થના કરવાને પરીણામે પોતાના જીવનમાં કંઈક નવું ઉમેરાય છે.

# પ્રકાશના પંથે

—યોગેશ્વરજી
સંક્ષેપ : દીપક પ્ર. મહેતા.

## એક બેનનો સંબંધ અને લગ્નની સમસ્યા

સંસારનાં જુદાં જુદાં સ્વરૂપોમાં ઈશ્વરનો વાસ છે એમ માનીને સૌની અંદર ઈશ્વરની ઝાંખી કરવાનું કામ સહેલું નથી. મન જ્યાં સુધી તદ્દન મલિન હોય ને કુવિચાર, કુસંસ્કાર, વિષયશક્તિઓ તથા અહંકારથી ભરેલું હોય ત્યાં સુધી દૃષ્ટિ નિર્મળ થઈ શકતી નથી. મન જેમ જેમ નિર્મલ થતું જાય તેમ તેમ નવી આંખ અથવા નવી દૃષ્ટિની પ્રાપ્તિ થાય છે. મન સંપૂર્ણપણે નિર્મળ થતાં ચરાચરમાં ઈશ્વરનું દર્શન થઈ શકે છે એ વાત સાચી છે. પરંતુ તેમાં મદદ મળે તે માટે મેં એક બીજી પદ્ધતિ અજમાવવા માંડી. જે જે વસ્તુ કે વ્યક્તિ દેખાય તે પરમાત્માની જ પ્રતિમા છે એવા વિવેક સાથે મેં તે વસ્તુ કે વ્યક્તિ તરફ જોવા માંડ્યું; પરિણામે મારી દૃષ્ટિ જુદી જ બનવા લાગી સ્ત્રી માત્રને જોતાંવેંત તે જગદંબાનું સ્વરૂપ છે એવા ભાવ સાથે મેં તેના ચરણમાં મનોમન પ્રણામ કરવા માંડ્યા. તેની સાથે સાથે સંસારમાં સર્વત્ર વ્યાપેલા જગદંબાનું સ્વરૂપ છે એવા ભાવ સાથે મેં તેના ચરણમાં મનોમન પ્રણામ કરવા માંડ્યા.

એ દિવસોમાં એક બીજો નોંધપાત્ર બનાવ બની ગયો. જગદંબાએ કુમારીના સાધારણ લૌકિક સ્વરૂપમાં મારા જીવનમાં પ્રવેશ કર્યો. તે વખતે મારી ઉંમર ૧૪ વર્ષની હતી. હું



ભણવામાં હોશિયાર ગણાતો તે ઉપરાંત એક સમજુ ને સારા વિદ્યાર્થી તરીકે સંસ્થામાં સારું માન હતું. અમારી સંસ્થાના ત્રણ બંગલા જે સંસ્થાની પાસે જ હતા તે ભાડે આપેલા. તેમાં એક બ્રાહ્મણ કુટુંબ રહેતું તેની સાથે મારો સંબંધ શરૂ થયો. તે કુટુંબમાં નાની ઉંમરનાં ભાઈ–બહેન હતા. સંસ્થાના ગૃહપતિની આજ્ઞાથી તેઓ ફાલતુ વખતમાં ભણતરમાં મદદ કરવાના કામમાં જોડાવું પડ્યું. બેનનો અભ્યાસ કાચો હોવાથી તેને મારી મદદ વારંવાર લેવી પડતી. બેનની ઉંમર તે વખતે લગભગ દસેક વરસની હશે. બેનનું શરીર સ્વસ્થ હતું. ઉંમરના પ્રમાણમાં તેનું મન ઘણું વિકસેલું દેખાતું. સારાં સારાં વસ્ત્રો પહેરવાનો ને યથામતિ તથા યથાશક્તિ રૂપાળા થઈને ફરવાનો શોખ હતો. ઈશ્વરે તેને સ્વરૂપ પણ સારું આપેલું.

ભણવામાં તેનું મન ઓછું લાગતું એટલે મોટે ભાગે મને બોલાવીને જરૂરી અભ્યાસ પૂરો કરીને તે મારી પાસે બેસી રહેતી ને વાતે વળગતી. જ્યારે જ્યારે બોલાવવામાં આવે ત્યારે સાંજની સાડાસાતની પ્રાર્થના પૂરી થયા પછી રાતે જ જવાનું થતું. મારા સદ્‌ગુણી જીવનથી તેના માતપિતા વાકેફ હતાં એટલે તે પણ મારા પર ભાવ રાખતાં ને પ્રસન્ન થતાં.

એક દિવસ રાતે બહેન મને બોલાવવા આવી. ઘરમાં જઈને મેં અભ્યાસ કરાવવાની શરૂઆત કરી કે તુર્ત જ તેના માતાપિતા ચોપાટી પર ફરવા જવા વિદાય થયાં ને નાનો ભાઈ બાજુના ઓરડામાં જઈ પથારીમાં પડ્યો. માતાપિતાના ગયા પછી બહેને બારણું બંધ કર્યું. ઘરમાં કોઈ વડીલ ન હોય એટલે અભ્યાસ કરવાનું મન કોને થાય ? બહેને ચોપડી બંધ કરી દીધી ને મને કોઈ રસ પડે તેવી વાતો કરવા કહ્યું. એમ

વાતો શરૂ થઈ. છેવટે એકાદ કલાકે બારણું ખખડ્યું. બહેન સાવધ બની ગઈ. તેણે ગણિતનું પુસ્તક ઉઘાડ્યું ને મારા હાથમાં નોટબુક આપી કહેવા માંડ્યું કે આટલો અધૂરો રહેલો દાખલો જરા પૂરો કરી દો. પછી તેણે બારણું ઉઘાડ્યું. તેના માતાપિતા મારી હાજરી જોઈને નવાઈ પામ્યાં. મને મોડે સુધી બેસાડી રાખવા માટે બહેનને સહેજ ઠપકો આપ્યો. પણ બેન હોશિયાર હતી. તેણે તરત ઉત્તર આપ્યો કે હું શું કરું ? ગણિતનો દાખલો એટલો બધો ભારે ને મોટો છે કે હજી સુધી તેનો પાર આવતો નથી છેવટે તેના પિતાશ્રીએ સવારે અધૂરું રહેલું કામ પૂરું કરવાની રજા આપી. બીજે દિવસે સવારે મેં તેનો દાખલો પૂરો કરી આપ્યો. આ પ્રસંગ મારી સોળેક વરસની ઉંમરનો હશે. પરંતુ આવા પ્રસંગ વારંવાર બનતા મને ખુબ દુઃખ થતું.

જે વખતે ચરાચરમાં માના દર્શનનો આનંદ મેળવવાનો પ્રયાસ મારા જીવનમાં ચાલતો હતો તે જ વખતે બહેનનો પરિચય થયો અને ચાર પાંચ વરસ જેટલા લાંબા વખત લગી કાયમ રહ્યો. તેથી મારા જીવન પર સારી અસર થઈ. હૃદયની શુદ્ધિની જે સાધના તે દિવસોમાં સતત રીતે ચાલતી તેને માટે તે પરિચય કસોટી કરનારો અને વધારામાં મદદરૂપ થઈ પડ્યો. તે વખતે ઉંમરના પ્રમાણમાં મારું હૃદય ઘણું જ ભાવનાપ્રધાન, લાગણીવાળું ને મોટું હતું. એટલે તે કાળ મારે માટે સુવર્ણકાળ થઈ પડ્યો.

નિર્મળતાને કાયમ રાખવાનું કામ કપરું છે તે હું જાણું છું, પરંતુ તન અને મનની પવિત્રતાને જાળવી રાખવાનું કામ અસાધ્ય કે અશક્ય છે તેમ હું માનતો નથી. તન અને મનની



નિર્મળતાને કાયમ રાખીને માણસ કામવાસનાથી મુક્તિ મેળવી જ ના શકે એમ માનવામાં માનવઆત્માની અસીમ શક્તિનું અપમાન રહેલું છે અને ઈશ્વરની અનંત અનુકંપાની પણ અવગણના છે.

નાના શરીરમાં માએ મારે માટે મોટું હૃદય અને મોટું મગજ મૂકી દીધું હતું, તેની પાછળ જન્માંતરના સંસ્કારોની મૂડી હતી. તે વખતના મારા જીવનવિકાસના સાક્ષી મારી સાથે ભણતા નારાયણભાઈ ને શાંતિભાઈ જેવા એક બે મિત્રો હતા. તે ઉપરાંત બીજા સાક્ષી તરીકે મારી રોજનીશી હતી તેમાં હું મારા વિચારો રજુ કરતો અને ભાવો ઠાલવતો. ત્રીજા સાક્ષી તરીકે ઈશ્વરરૂપી મા હતી, તેની કૃપાને લીધે જ હું સલામત રહી શક્યો.

વળી હું વિચાર કરતો કે જગદંબાના એક સાધારણ અંશ જેવી આ બહેન આટલી આકર્ષક ને સુંદર દેખાય છે, તો જગદંબા પોતે કેટલાં બધાં આકર્ષણથી ભરપૂર હશે ? તેમની મધુરતા ને પ્રેમનો સ્વાદ કેવો અનેરો હશે ? બહેનના શરીર દ્વારા એમના અલૌકિક સ્વરૂપની ઝાંખી કરી તે સ્વરૂપનું દર્શન કરવા માટે મહેનત કરવી જોઈએ. બહેનની પાસે બેસતી વખતે પણ મારી દશા એક નાના બાળક જેવી થઈ જતી. જગદંબાના પ્રકાશની ઝાંખી બહેનની અંદર મને સહેજે થવા માંડી, તેને જોઈને મેં મનોમન પ્રણામ કરવા માંડ્યા.

બહેનનું હૃદય કેવું હતું, ખરેખર તેના ભાવ કેવા હતા, ને તે મારા તરફ ખેંચાતું હતુ કે કેમ તે તો પ્રભુ જાણે. એટલી નાની વયે તેની સમજ પણ છેક કાચી હોય એ પણ સમજી શકાય તેવું છે.

પ્રેમ અને આકર્ષણના અર્થ વિશે આપણે ત્યાં ઘણી ગેરસમજ પ્રવર્તે છે, એક માણસને–પુરુષ કે સ્ત્રી. ને બીજા પુરુષ તરફ આકર્ષણ થાય છે એટલે શું થાય છે તે ખબર છે? તે વ્યક્તિમાં રહેલો આત્મા બીજી વ્યક્તિમાં રહેલા આત્મા સાથે શરીર કે આંખના વાહન દ્વારા એકતા સાધવા પ્રયાસ કરે છે. આકર્ષણનો સાચો અર્થ એ જ છે એ આકર્ષણ કેવળ માનવસૃષ્ટિ પૂરતું મર્યાદિત નથી પણ જડ ચેતનાના બધા જ પદાર્થો માટે સાચું છે. ધારો કે કોઈ પુરુષને કોઈ સ્ત્રી તરફ આકર્ષણ કે પ્રેમ થાય છે. તો તેનો લાભ લઈને માણસે તે સ્ત્રીની અંદર રહેલા આત્માનું દર્શન કરીને તેની સાથે એકતા સાધવી જોઈએ. તેના શરીર, તેની વાણી, દૃષ્ટિ તથા તેની સુંદરતાને મધુરતામાં પરમાત્માના પ્રકાશનું દર્શન કરીને તે સ્ત્રી તરફના પ્રેમ અને આકર્ષણને આત્મોન્નતિની સાધનાનું અંગ તે બનાવી શકે. આકર્ષણ સારું છે, પ્રેમ પણ સારો છે ને સહજ છે. પણ તેનો ઉપયોગ આત્માની એકતાનો અનુભવ કરવા માટે થવો જોઈએ.

એ વિચારો મારા તે વખતના જીવનમાં પ્રબળપણે ને સફળ રીતે કામ કરી રહેલા. તેથી જ મારું જીવન આત્મોન્નતિના અનુભવમાર્ગે આગળ વધી રહ્યું. એમાં અજાણ્યે પણ ભાગ ભજવનારને મદદ કરનાર તે બહેનની ઉપેક્ષા કેવી રીતે કરી શકું? તેને મારા ભાવભીના પ્રણામ. ( ક્રમશઃ )



# હરિના ગમતામાં રહેવું

શ્રી. નાનુભાઈ દવે

'સૌ કુશળ છો ને?' મહારાજ પૂછી રહ્યા હતા.

સોરઠમાં માંગરોળ ગામ. ત્યાં ગુરુ રામાનંદ સ્વામીની ગાદી હતી. પહેલેથી સાધુઓ અને હરિભક્તોનો સુમેળ સારો હતો. એની પુણ્ય સુગંધ ચારે તરફ ફેલાઈ હતી. શ્રીજી મહારાજને આ સ્થાન ગમી ગયું હતું, તેમ હરિભક્તો એમના ભણી આકર્ષાયા હતા. કેટલાક પરિવાર એમના સત્સંગમાં જોડાયા હતા. એટલે જેમ સંધ્યાટાણે મંદિરમાં આરતી થતી તેમ ઘણા ઘરોમાં પણ થતી. એમાં આસપાસના લોકો અને ખાસ કરીને બાળકોને ઘણો આનંદ મળતો.

ગામમાં સત્સંગી કુટુંબોની સંખ્યા વધે તે માટે સતત યત્ન થતા. એમાં કોઈ ઉત્સવોનું નિમિત્ત લેતા, કોઈ પ્રસાદ વહેંચીને વાતો કરતાં. કોઈ જ્ઞાનની લ્હાણી કરતાં, કોઈ સાધુસંતોને ઘેર તેડી લાવી વાતાવરણ જમાવતા અને સૌથી વિશેષ તો એમનું ચારિત્ર્ય બોલી ઊઠતું. એનો પ્રભાવ એવો સુંદર પડતો કે લોકોની જિજ્ઞાસા ઊઘડતી, પ્રશ્નો પૂછતા, સાથ ખોળતા અને પોતે સંયમ–નિયમ પાળતા થઈને નવા પ્રવાહમાં ભળી જતા.

માંગરોળમાં શ્રીજી મહારાજ પધારે એટલે ઉત્સવ થઈ રહેતો. અગાઉથી ખબર આવી હોય તો ગામને શણગાર ચડતા, વધાવો થતો, લોકો સામૈયું લઈને જતા. પણ કેટલીકવાર મહારાજ અણધાર્યા આવી ચડતા. ત્યારે હાથમાંનાં કામ પડતા મૂકીને લોકો એમની સમીપે દોડી જતા. એમને મહારાજ હેતથી પૂછતા, 'સૌ કુશળ છો ને?'

એટલા પ્રેમાળ બોલે લોકો ચિંતામુક્ત બની જતા, લળી લળીને ચરણ સ્પર્શ કરતા. પણ એક જણે સોના વતી વાત કરી 'તમે બે શબ્દ આણંદજીને કહો તો સારું. એ પોતે સારા સત્સંગી છે. પણ એનો રંગ ઘરમાં કેમ નથી લગાડતા?'

'તેનું તો એ શું કરે?' મહારાજે હાથમાં રાખેલા ફૂલ ભણી નજર વાળી. કોઈ ફૂલ વહેલું ખીલે અને કોઈ મોડું ઊઘડે. આપણે સત્સંગી જરૂર કરવા છે. પણ તેમાં ધાક કે દબાણ ન જોઈએ. ઘરનાં માણસ સમજીને અહીં આવે તો જ બરોબર ગણાય.

આરતી કરીને મહારાજે સભા કરી કહ્યું: 'અમારો સત્સંગ દેખાદેખીનો ના માનશો. આ માર્ગ સમજણનો છે. જે કોઈ અહીં આવો કે બીજાને લાવો તે જો ઠીક સમજ્યા હશે તો વ્રતનિયમ પાળશે અને ભક્તિ કરીને અમારામાં ચિત્તથી જોડાશે. પંડનો દીકરો કે જમાઈ કે ભાઈ કે સાળો જે હોય તેને આગ્રહ કરશો મા. વિલંબ થાય તો માનવું કે એટલી તમારી કાચ્યપ છે. પણ તેથી અધીરા ન થવું ને ઉદાસ પણ ન થવું. તમારું વર્તન બોલશે, તમારા વ્યવહાર ગાજશે. તમારી ભક્તિ જાદુ કરશે, માટે કોઈએ કોઈને દોષ ન દેવો, કટુવચન ન કહેવું, દુરાગ્રહ કદી ન કરવો ' એમ કોઈનું નામ દીધા વિના ઘણીક વાતો કહી.

સૌ વિખરાયા. મહારાજ એમના ઓરડા ભણી જતા હતા. લાગ્યું કે કૂવા પાસે અંધારામાં કોઈ વાસણો વીંછળે છે. 'એ કોણ, આણંદજી છે કે?' મહારાજે એમને બોલાવ્યા અને આણંદજીએ હાથનું કામ હેઠે મૂકીને પહેલાં પરસાળના ગોખલામાં મૂકેલું કોડિયું ઉપાડ્યું, અને છાનામાના મહારાજની આગળ ચાલવા લાગ્યા. ઈશારાથી જણાવ્યું કે અહીં



પગથિયું છે, જાળવજો અહીં કોઠી મૂકી છે. જરા ફરીને ચાલવું જોઈશે.

ઓરડામાં ગોઠવીને ગોખલામાં દીવો મૂક્યો. પથારી કરી રાખી હતી. તો પણ હાથ ફેરવીને જે કરચલી હતી જ નહિ તેને દૂર કરવાની ચેષ્ટા કરી, એટલો લોભ જતો કરી શક્યા નહિ પાણીનું પાત્ર નજરે પડે એમ ફરી ખસેડીને મૂક્યું, અને ટાઢી પડેલી હથેળીઓ મસળીને ગરમ બનાવી એમણે મહારાજના ચરણ તળાંસવા માંડ્યા. મહારાજે કહ્યું: 'રાખો, અમને નિંદર આવી છે. તમે પણ વહેલા ઘેર પહોંચી જાવ. રાતે હિમ પડવાનું હોય એમ લાગે છે.'

મહારાજને પોઢાડીને આણંદજી પાછા કામે વળગ્યા. પરવારતાં મોડું થયું. પછી સાધુની આજ્ઞા લઈને એ ઘેર જવા નીકળ્યા. જતાં જતાં મહારાજની ઓરડી આગળ સૂનમૂન ઊભા રહ્યા. બારણું આડું કર્યું અને હળવે પગે નીકળી ગયા. નામ દઈને બોલાવ્યા એનો હરખ હૈયામાં માતો નહોતો. કેમ કરીને એમના ગમતામાં રહેવાય એવી રઢ લાગી હતી.

રાતે અણધાર્યો વરસાદ તૂટી પડ્યો. મગરકે વહેલા ઊઠીને આણંદજી મંદિર પહોંચ્યા ત્યારે મહારાજના હાથમાં દાતણ હતું. ઉતાવળ કરીને એમણે પાણીનો લોટો ભરી દીધો અને બીજું કામ ઉપાડવા જતા હતા ત્યાં મહારાજે રોક્યા. 'આણંદજી રાતે મેં વિચાર કરી જોયો. ગામલોકો તમારાથી નારાજ થયાં છે અને તમને સજા થાય એમ ઇચ્છે છે. મારે તમને સજા કરવી છે. માટે તમે આજે સભામાં ના આવશો. તમે ત્યાં હશો તો તમે કરગરશો અને મારાથી ચીલું મેં નહિ જોવાય એટલે આઘે રહેજો.'

આણંદજી ખસી ગયા. ફરી મહારાજની દિશામાં આવ્યા જ નહિ. આ તો, કેવો દિવસ આવ્યો ! શો વાંક પડ્યો કે સજા વેઠવી પડશે ? શી સજા થશે ? એમાંથી ક્યારે છુટાશે ને કેમ છુટાશે ? આણંદજી મૂંઝાવા લાગ્યા. બીજા કોઈ જોડે સંદેશો મળ્યો હોત તો જઈને મહારાજ પાસે ખુલાસો માગત પણ આ તો એમની જ વાણી હતી. છેક ઉપલી અદાલતનો ચુકાદો થયો પછી કોની પાસે દાદ માંગવી ?

સભામાં મહારાજે મહાજનને કહી દીધું, આણંદજીને મેં વિમુખ કર્યા છે હવે એ મારી પાસે ન આવે અને મંદિરમાં જઈને દર્શન કરે, સેવા ન કરે.

સભામાં સન્નાટો છવાયો. ગઈ કાલ સુધી જે માનીતા હતા તે આણંદજીને વિખૂટા કર્યા. રંગ રહી ગયો ! સૌ એકમેક તરફ જોઈને મલકાયા કોઈ કે છાની તાળી લીધી એ દિવસે ધૂન–કીર્તન થયા પછી મહારાજ ઊભા થયા અને મંદિરમાં-થી તેમ જ ગામમાંથી નીકળી ગયા. બહુ ગંભીર દેખાતા હતા કે પછી આકાશ વાદળાથી છવાયેલું હતું તેથી એમ જણાયું હશે.

આણંદજીએ એમને જતાં જોયા, પણ સામે છતા ન થયા. બીજા કોઈ દિવસે એ આગળ જઈને ઘોડીનું પેગડું પકડીને ઊભા રહેત, બે ચાર ખેતરવા સાથે ચાલત, ‘ફરી ક્યારે પધારશો ? એવી વિનંતિ કરત. પણ આજે એમાંનું કશું બન્યું નહિ. એમને દુઃખ અપાર હતું પણ ફરિયાદ મુદ્દલ નહોતી, પછી અભાવ તો હોય જ શેનો ? ચૂપચાપ પીપળાને ચોતરે જઈને બેઠા. જે સત્સંગી ત્યાંથી નીકળ્યા તેમને હાથ જોડ્યા કોઈ કે એમના ‘જય સ્વામીનારાયણ’ ઝીલ્યા અને કોઈ આડું જોઈને જતા રહ્યા.



બીજા દિવસે વળી આણંદજી મંદિર તરફ વળ્યા ત્યારે કેટલાકને આશ્ચર્ય થયું, એમ કે હવે ત્યાં શીદ જતા હશે ? વિમુખ કર્યા છતાં લાજ નથી આવતી ? પણ લાજ કેવી ? કોઈ ખોટું કામ કર્યું હોય તેને ડંખ લાગે, મનમાં કશું પાપ હોય તે પાછા પડે. આણંદજી ધીરે પગલે પીપળા આગળ ગયા અને ચોતરાના ટેકે ઊભા રહ્યા. પછી પગ ભણી જોઈ મનમાં બોલ્યા: ‘આટલે અટકી જશો તે કેમ ચાલશે ? આગળ વધો, હિંમત રાખો.’ એમ મંદિરના બારણે જઈને જીભને સંભળાવ્યું: ‘જીભલડી રે હરિગુણ ગાતાં આવડું શું થાકી રે !’ બહાર ઊભા રહીને એમણે દર્શન કર્યાં; ધૂન-કીર્તન બોલ્યા. ગાલ ઉપર હળવે હાથે બે ટપલી મારી કાનની બૂટ પકડી અને ત્યાં જ દંડવત્ કર્યા. એમને હડસેલીને કેટલાક મંદિરમાં દાખલ થયા અને કોઈ પાછા વળીને કૌતુક જોઈ રહ્યા. કોઈ એમ ન બોલ્યું, ‘હરિભક્ત, મનમાં ઓછું ના લાવશો. દેવનું મંદિર સૌનું છે તેમ તમારું પણ છે. ચાલો, હું તમારી સાથે આવું છું.’ એવું કોઈ ન બોલ્યા, એક જણને નફટાઈ સૂઝી અને મોટેથી બોલતાં લાકડી ઉછાળી. ‘હડે……કૂતરી !’

કેટલાક લોકોનું કદ મોટું હોય કે વયમાં વધ્યા હોય તોપણ સાવ બાળક જેવા રહી જાય છે. કેટલાક મરદોમાં સ્રીપણાનો અંશ વધારે વરતાય છે. અદેખાઈ કે નિંદાની કુટેવમાં સ્રીઓથી પણ આગળ વધે છે. જે સ્વભાવે ડરપોક હોય છે. તે લાગ મળ્યે વાઘ થવાની તક છોડતા નથી, નિર્દોષ ઉપર નાહક તૂટી પડે છે. એવા કેટલાકે આણંદજી ઉપર શબ્દપ્રહાર કર્યા તુચ્છકાર કર્યો. દિવસે દિવસે એવા ગેરવર્તન-માં હિંમત કરતા થયા. કેમ કે એમને ખબર હતી કે સામેથી ઘૂરકિયું તો શું, ચૂં કે ચાં પણ થવાનું નથી.

આમ તાપ વધતો ગયો અને આણંદજીનું સોનું તપતું વિશુદ્ધ થતું ગયું. એમનામાં અપાર ધૈર્ય આવ્યું. અખૂટ સ્વસ્થતા આવી, અદ્‌ભુત નિર્માનીપણું આવ્યું. રોજ બે વખત દર્શન કરી જતા, સાધુને તથા હરિભક્તોને પ્રણામ કરતા. એમણે મંદિર પાછળની વાડીમાં કામ કરવા માંડ્યું. કથા ચાલતી હોય ત્યારે બહાર બેસીને જે કંઈ ત્રુટક સંભળાય તે સાંભળવા માંડ્યું. નાનો મોટો ઉત્સવ હોય ત્યારે ધ્વજા- તોરણ બાંધવા માંડ્યાં. અને તોપણ પેલી ખીજ ચોંટી ગઈ 'હડ... ...કૂતરી!'

એમ ત્રણ મહિના વીતી ગયા. વૈશાખના વંટોળ ઊઠ્યા અને એમનું દિલ ગામની સીમમાં મહારાજની વાટ જોતું ભમવા લાગ્યું. ચિત્તમાં એક ચિત્કાર ઊઠ્યો: 'કબ આવે મહારાજ !'

આવી વેદના આણંદજીને થઈ અને ઘણાને થઈ છે. જે કોઈ સાધક છે, જે કોઈ એની મેડીના ઉપલા માળે ચડી રહ્યો છે, તે વચ્ચે બારીમાંથી ડોકિયું કરતો જ રહે છે 'પ્રભુ પધાર્યા ? ભાળ મળે છે ? કોઈ ઓળખ, કોઈ એંધાણી, કોઈ સંદેશો ?' એમ દિલને પૂછતો રહે છે.

ત્રણ મહિને શ્રીહરિએ વળી દેખા દીધી. હરખના માર્યા આણંદજી આગળ ધસીને મળવા ગયા. પણ એમના ઋજુ આત્મા ઉપર ક્યાંકથી કઠોર વજ્રઘાત થયો...હડ...કૂતરી...! અને એ થંભી ગયા. પાછળ ખસી ગયા. મહામૂલો અવસર આવ્યો હતો પણ વિધિ કેવો વક્ર બન્યો હતો !

થોડી વારમાં સભા મળી. દબાતે પગલે આણંદજી પગથિયાં પાસે જઈને અંદર નીરખવા લાગ્યા. બહારના અજવાળાને રોકવા આંખ આડે હથેળીની છાજલી ધરી. પછી બીજે હાથ ઉઠાવી પ્રણામ કર્યા, દંડવત્ કર્યા અને ધીરે રહીને હરિભક્તોનાં પગરખાં આગળ બેઠા. એક પગરખું હાથમાં લઈને એની ધૂળ ખંખેરી, લૂછ્યું અને ગોઠવીને



મૂક્યું, એમ કરતા જ ગયા. અંદર લોકો ફૂલના હાર ઉપર હાર પહેરાવી મહારાજ ઉપર પ્રેમ ઢોળતા હતા. બહાર એમનાં પગરખાં ઉપર આણંદજી પ્રેમ વરસાવતા હતા, જોડાની જોડ મેળવતા જાય, અને સ્વચ્છ કરે, હારમાં ગોઠવતા જાય.

એવામાં શું બન્યું કે શ્રીજી મહારાજ એકાએક ઊભા થયા, ઊભા થઈને ઉતાવળે ચાલતા થયા. બહાર પગથિયા આગળ જઈને ઊભા રહ્યા. આણંદજી શું જાણે કે જેમનું એ રટણ કરે છે તે એમની સામે જ ઊભા છે ! મહારાજે, ગળામાં પડેલા ઘણા હારમાંથી એક મોટો હાર તારવી આણંદજીની ડોકમાં નાંખ્યો. અને એ ઝબકી ઊઠ્યા. હાંફળા ઊભા થયા અને નમે તે પહેલાં મહારાજે, એમને બાથમાં લીધા. બોલ્યા: 'આણંદજી, આવું ધૈર્ય ? તમે તો તપસ્વી કરતાં ઊંચે ચડ્યા.'

પાછળ લોકોનું ટોળું વળ્યું. એમના આશ્ચર્યનો પાર નહિ. કોઈથી સમજાય નહિ કે શું બની રહ્યું છે અને આગળ શું થશે મહારાજે આણંદજીનું ફાળિયું ઉઠાવી, ખંખેરી. ને એમના માથે બાંધ્યું. એમની હથેળીઓ હાથમાં લઈને પોતાના અંગરખે લૂછી. ક્યાંય સુધી એમની આંખોમાં આંખો પરોવી જોઈ રહ્યા.

'મહારાજ, કુશળ છો ને ?' આણંદજીએ ગદ્‌ગદ સ્વરે પૂછ્યું: ભલો મને યાદ કર્યો ! હવે આવ્યા છો તો આટલું કરતાં જજો કે દર્શન કરવા અંદર જઈ શકું"

'તે તો ખરું જ હમણાં જ ચાલો.' મહારાજે એમના ખભે હાથે મૂક્યો. અમે પણ તમારાં દર્શન માટે એવા જ આતુર બન્યા છીએ.' એમ કહીને પોતે ભગતની સાથે સભામાં પધાર્યા. અને સૌને સમજ પાડી કે, 'ભગવાનને તમે ભજો એની નવાઈ શી ! પણ શીખવાનું એ છે કે ભગ-વાન કરતાં પણ એમનાં ભક્ત ઊંચા છે. એમનું માન બરો-

ખર જાળવવું જોઈએ ! પછી આણંદજીને પૂછયું તમારી શી ઇચ્છા છે ? જે માંગવું હોય તે માગી લો.'

આણંદજી કહે: 'મને વિમુખ શાથી કરેલો તે કહો. મારી જે ભૂલ થઈ હોય તે મારે સુધારવી જોઈએ.'

મહારાજ કહે: 'ભૂલ ? તમે ભૂલ કરી એવું તો અમે કહ્યું નથી. પણ કારણ પૂછો તો સાંભળો. તમને તમારા આ જન્મની જ ખબર પડે છે. પાછલા જન્મોની વિસ્મૃતિ થઈ છે. એ જન્મોજન્મમાં કેટલુંક સવળું હોય ને કેટલુંક અવળું હોય, એ તમે આ જન્મમાં કર્મોથી સુધારો અને કેટલુંક અમે બાળીએ એથી આવી લીલા કરવી પડે. તમે તપ તપ્યા, કસોટીમાંથી પાર પડ્યા, હવે નિર્ભય થઈને ભક્તિ કરજો. બધાં રૂડાં વાનાં છે.'

ને રાતે બીજો ચમત્કાર થયો. આણંદજીનાં ધર્મપત્નીને સ્વપ્ન આવ્યું કે પોતે પાણીની હેલ ભરીને પાછાં વળે છે. એટલામાં મહારાજ ઘોડીએથી હેઠે ઊતર્યા અને આમ તેમ જોવા લાગ્યા. બાઈને શું સૂઝ્યું તે માથેથી ઘડો ઉતારી જળની ધારા કરી અને મહારાજને પાણી પાયું, એમને તૃપ્ત કર્યા.


'એમ ?' આણંદજીએ હર્ષ કર્યો. 'તો સ્વપ્નાં છે તેને સાચાં કરી લો. મહારાજ ગામમાં જ છે. એમને રાજી કરી લો. આવો રૂડો અવસર જિંદગીમાં ફરી ક્યારે આવશે.' નાહી ધોઈને દંપતી મંદિરે ગયાં ને મહારાજને વિનંતિ કરી કે આજે અમારે ઘેર 'ઓચ્છવ કરો !'

અને ગામમાં સત્સંગનો જયજયકાર થયો. સહુ સમજી ગયા. ગામના હરિભક્તોનું મન રાખ્યું. આણંદજી પાસે તપ કરાવ્યું અને એમના પાછલાં પાપ બાળી નાંખ્યાં એમની પત્નીને દર્શન દઈને સત્સંગી કર્યાં. અને હરિભક્તો માટે હજાર વર્ષ લગી ન ભુલાય એવું દૃષ્ટાન્ત રજૂ કર્યું.



# યોગમુદ્રા

મણિભાઈ શાહ,




ચિત્રપટ-૧૪

યોગમાં આસનોની જેમ મુદ્રાઓનું પણ મહત્ત્વ છે. એમાં યોગમુદ્રા ઘણી મહત્ત્વની છે. મુદ્રા પ્રતીકાત્મક હોય છે. યોગનું કોઈ રહસ્ય પણ તે દ્વારા પ્રગટ થતું હોય છે. યોગનો દાવો છે કે આ મુદ્રાદ્વારા કુંડલિનીનું જાગરણ થઈ શકે છે યોગ એટલે હઠયોગ અને મુદ્રા એટલે સાંકેતિક અંગ વિન્યાસ.

યોગમુદ્રાની રીતઃ

૧. બંને પગ લંબવીને બેસો.

૨. હવે જમણો પગ ડાબા સાથળ પર ચડાવો. પાની પેટને અડાડીને રાખો.

૩. હવે ડાબો પગ જમણા કાંડા ઉપર થઈને ડાબા સાથળ ઉપર ચડાવો. પાની પેટને અડાડીને રાખો, નં-૨ અને નં-૩ની સૂચના પ્રમાણે કરવાથી પદ્માસન થશે. જુઓ ચિત્ર નં-૨.

૪. હવે બંને હાથ પીઠ પાછળ લઈ જાઓ અને ડાબા હાથનું કાંડું જમણા હાથે ચિત્ર નં-૧માં હાથની પકડ દેખાડી છે તેમ પકડો. કોઈ ડાબી કોણી જમણા હાથે અને જમણી કોણી ડાબા હાથે પકડી પાછળ અદબવાળીને પણ કરે છે, પણ તે અહીં બતાવેલ નથી.

૫. હવે કરોડ સીધી ટટાર રાખી દીર્ઘશ્વાસ લઈ ધીરે ધીરે શ્વાસ કાઢતા કાઢતા ધડ નીચે નમાવો અને કપાળ જમીનને અડાડો જુઓ ચિત્ર નં-૧. આમ કરવાથી કમરના અને ત્રિકાસ્થિના ( Searune ) ભાગમાં તાણનો ( Stretchiar ) નો અનુભવ થશે. પરંતુ જેની કરોડ અક્કડ હોય તેણે કપાળ જો જમીનને ન અડી શકે તો પરાણે અડાડવાનો પ્રયત્ન કરવો નહિ, પણ સહેલાઈથી વળી શકે તેટલી હદે જ કરોડ વાળવી. દરરોજના મહાવરાથી ધીરે ધીરે વધારે વળશે. આંચકો મારીને કરોડ વાળવાનો કે કપાળ જમીનને અડાડવાનો પ્રયત્ન કદી પણ ન કરવો. વળી બંને નિતંબ પણ



જમીનથી અદ્ધર થવા ન જોઈએ કપાળ જમીનને અડાડીને કે વળે તેટલી કરોડ વાળ્યા પછી તે સ્થિતિ ૫ થી ૧૦ સેકંડ સુધી શરૂઆતમાં જાળવી રાખવાની છે. શ્વાસોચ્છ્વાસ સ્વાભાવિક રીતે ચાલવા દેવો, રોકવાની જરૂર નથી. શરૂઆતમાં કરોડને વળાકદાર કરવા માટે બે ત્રણવાર યોગમુદ્રા કરવી અને અભ્યાસ કરતાં કરતાં વધારેમાં વધારે સમય ૩-મિનિટ સુધી કરી શકાય.

યોગમુદ્રાના ફાયદાઃ

( ૧ ) પેટની માંસ પેશીઓને સબળ કરે.

( ૨ ) પેટમાંના અવયવોને યથાસ્થાને રાખે.

( ૩ ) કમર અને ત્રિકાસ્થિના ( Searune ) જ્ઞાનતંતુઓને સબળ કરે.

( ૪ ) કબજીઆત દૂર કરે.

( ૫ ) કુંડલિની જાગ્રત કરે.

## યોગમુદ્રા–બીજોપ્રકાર

આ યોગમુદ્રામાં હાથ પાછળ રાખવાને બદલે બંને હાથની મુઠીઓવાળી પાનીઓ ઉપર ગોઠવવાની છે જુઓ ચિત્ર નં-૨.

પછી ધીરેધીરે આગળ નમી કપાળ જમીનને અડાડવાનું છે જુઓ ચિત્ર નં-૩.

અગાઉ આપેલી બધી સૂચનાઓ આને પણ લાગુ પડે છે.

આમાં સમયમર્યાદા પથી૧૦ સેકંડ રાખવી અને સમય વધારવા કરતાં બે ચારવાર કરવી.

આ યોગમુદ્રામાં શરૂ થતા મોટા આંતરડા પર અને જ્યાં તે પૂરું થાય છે ત્યાં ડાબા પેડુના નીચલા ભાગ ઉપર દબાણ આવતું હોઈને મોટા આંતરડાના બંને છેડા સક્રિય થઈ જાય છે અને તેથી કબજીઆત દૂર કરે તેમ જ છે પેટમાંના સ્થાનભ્રષ્ટ અવયવોને પાછા તેના યોગ્ય સ્થાને પ્રસ્થાપિત કરે છે.

# સદ્‌જીવનની કસોટી

વાસુદેવ મહેતા

[ નોંધઃ– સ્વામી શ્રી સમર્પણાનંદજીનો "દિવ્યજીવન-યોગાશ્રમ" કડી તાલુકાના વડાવી ગામે છે. તેઓએ દિવ્યજીવન સંઘના પ્રમુખ સ્વામી શ્રી ચિદાનંદજી પાસેથી સંન્યસ્ત દીક્ષા લીધી છે. તેમના સ્વમુખેથી લખનારે સાંભળીને આ ઘટનાને શબ્દરૂપ આપ્યું છે. ]

આઝાદી પહેલાં મહેસાણા જિલ્લો એટલે વડોદરા રાજ્ય અને કડી તાલુકાનો વડાવી ગામનો વિસ્તાર ખાબરીયો ટપ્પો કહેવાય. આ વડાવી ગામની પ્રાથમિક શાળામાં સ્વામી સમર્પણાનંદજી તેમના પૂર્વાશ્રમમાં શિક્ષક તરીકે કામ કરે. "મણિલાલ માસ્તર" તરીકે આખો જિલ્લો એમને ઓળખે. તે જ જીલ્લામાં ડી. એસ. પી. તરીકે શ્રીમાનસિંહરાવ ગાયકવાડ આવ્યા. તેઓ વડોદરાના મહારાજા શ્રીપ્રતાપસિંહરાવ ગાયકવાડના કુટુંબીજન હતા. પોલીસખાતામાં કામ કરતા માણસોમાં સમાન્ય રીતે દારૂ, બીડી, લાંચ રુશ્વત વગેરે દુષણો હોય જ. પણ આ ડી. એસ. પી એ બાબતમાં સાવ અપવાદરૂપ. એટલું જ નહિ પણ અનન્ય ધર્મપરાયણ, સ્વાશ્રયી અને પ્રભુ પરાયણ જીવન જીવનારા. રોજ સવારે નિયમિત જપ અને ગીતાનો પાઠ કર્યા વગર પાણી પણ ન પીએ, પાકા શાકાહારી.

આ ખાબરીયા ટપ્પાનો વિસ્તાર દારૂ ગાળવામાં, ચોરી લૂંટ કરવામાં અને છેતરપીંડીમાં જાણીતો અને આ વિસ્તારમાં



"મણિલાલ માસ્તર" આદર્શ શિક્ષક અને ગાંધી વિચારના રંગે રંગાયેલા તેથી દારૂબંધી અને હરિજન ઉદ્ધારનું કામ કરે. શિક્ષક તરીકે આધ્યાત્મિક વાંચન ઘણું સારું. સ્વામી વિવેકાનંદ; ભગવાન રમણ મહર્ષિ, દિવ્ય જીવનવાળા સ્વામી શિવાનંદ તથા અનેક સંતોનાં પુસ્તકો તેઓએ વાંચેલાં. એટલું જ નહિ, પણ ઘણાના પ્રત્યક્ષ પરિચયમાં પણ આવેલા. તેમના કામથી ડી. એસ. પી. શ્રી માનસિંહરાવ તેમના પરિચયમાં આવ્યા અને એક બીજાના પૂરક થયા. આવાં કામો માટે શ્રી ગાયકવાડ સાહેબ જિલ્લાનાં ગામોમાં તપાસ માટે ફરતા હોય ત્યારે પોતાની સાથે એક બ્રાહ્મણ ઓર્ડર્લી રાખે અને દાળ, ચોખા, લોટ, ઘી, ખાંડ, ચા, બટાકા, તેલ વગેરે ખાદ્ય પદાર્થ પોતાને ઘેરથી સાથે લઈ જાય, અને દૂધ લે તે પણ પૈસા આપ્યા વગર ન લે. કોઈની સેવા કે મજૂરી લે તો તે વળતર કે પૈસા ચૂકવ્યા વગર ન સ્વીકારે.

સ્વામી શ્રી સમર્પણાનંદના કામથી, લોકોની સેવાથી અને આધ્યાત્મિક સાહિત્યના અભ્યાસથી તેઓ આકર્ષાયા અને તેમને બોલાવી જે જાતની મદદ જોઈએ તે આપવાની તત્પરતા બતાવી. મહારાજા ગાયકવાડને કહીને શ્રી માનસિંહરાવે રૂા ૧૫૦૦૦ શ્રી માસ્તર સાહેબને અપાવ્યા ને વડાવી ગામની બહાર તળાવની પાળે તે સમયે ૧૯૪૬માં આશ્રમ બંધાવી આપ્યો. તેમાં નીચે ત્રણ રૂપ અને ઉપર સાધનારૂમ અને આગળ પાછળની જમીન બાગકાગ અને ખેતી માટે એમાં શ્રી માસ્તર સાહેબે અનેક લીમડા ઉગાડ્યા, ફૂલઝાડ રોપ્યાં અને થોડી જમીન ટેકરામાંથી ખેતી લાયક બનાવી. ૫૮ વર્ષની ઉંમરે નિશાળમાંથી શિક્ષક તરીકે નિવૃત્ત થયા તે જ દિવસે ઋષીકેશમાં શિવાનંદ આશ્રમમાં જઈને તેઓએ

સન્યસ્ત લીધું.

આ ડી. એસ. પી. સાહેબની પણ જિલ્લાના કડક અધિકારીઓમાં ગણતરી થતી, અને તેમના સમયમાં ચોરી, ટંટા, મરામારી, દારૂગાળવો, છેતરપીંડી, ભેળસેળ વગેરે ઘણું ઓછું થઈ ગયું હતું. આવા મનુષ્યને ઈશ્વર અણીને સમયે કેવી રીતે મદદ કરે છે. તેનું આ એમના જીવનની ઘટના સુંદર ઉદાહરણ છે.

એક વખત જિલ્લાના જંગલ વિસ્તારમાં ડી. એસ. પી. સાહેબ કોઈ ગુનાની તપાસ માટે ગયા હતા. ત્યાં કોઈ ગામની ભાગોળે ઝાડીમાંથી પસાર થતાં કશુંક ઝેરી "એરૂ" એમના પગે ફુંક મારી ગયો. જો એ કરડયું હોત તો ત્યાં જ રામ રમી જાત. પણ સદ્‌ભાગ્યે ફુંક જ મારી. પણ તેથી પગે ઝેરી ફોલીઓ થઈ ગઈ. ત્યાં તાત્કાલિક શું થઈ શકે? તેઓ મહેસાણા થઈને તરત જ વડોદરા બીજે દિવસે આવ્યા. પગે ફોલીઓ મોટી થવા માંડી વડોદરાની હોસ્પીટલના મોટા મોટા ડોકટરોએ તેમને માટે જરૂરી ઉપચાર કર્યા. ખાવાની પીવાની અને લગાડવાની દવાઓ આપી. ઇન્જેકશનો આપ્યાં. પણ બીજે દિવસે ફોલીઓ મોટી થઈ. ત્રીજે દિવસે એથી એ મોટી થઈ, દવાની કોઇ અસર જ નહિ. ઝેર શરીરમાં પ્રસરતાં મોત સિવાય હવે કોઇ ઉગારો રહ્યો નહિ. ઉપચારની કોઈ અસર ન થઈ. અસહ્ય બળતરાની પીડા થાય પણ મોઢા પર કંઈ જ ખબર ન પડે. પ્રભુ સ્મરણ સતત ચાલે. જેને પ્રભુમાં દૃઢ શ્રદ્ધા છે તેની પ્રભુ કસોટી પણ કરે છે. એ કસોટીમાંથી જે પાર ઊતરે. પ્રભુ તેને અપનાવે! દુઃખ ઓછું થવાની ગોળીઓ આપે પણ બધા તબીબોએ હાથ



ધોઈ નાખ્યા મટવું મુશ્કેલ છે. ઝેર શરીરમાં પ્રસરતું રહ્યું. મરણ એ સમયનો જ સવાલ રહ્યો!

એવામાં ગાયકવાડ સાહેબ વરંડામાં ખુરશી નાખી બેઠા હતા, ત્યાં એક ગારૂડી જેવો માણસ આવ્યો અને પૂછ્યું કે ડી. એસ. પી. સાહેબ આપ પોતે જ છો? તેમણે કહ્યું 'હા', એટલે એ ભાઈએ પૂછ્યું કે આપને ઝેરી એરૂએ ફુંક મારી છે અને ઝેર ઊતરતું નથી? ગાયકવાડ સાહેબે હા કહીને પૂછ્યું કે ભાઈ તમને એની કેમ ખબર પડી?

પેલા ભાઈએ કહ્યું "હું એ ઝેર ઉતારવા આવ્યો છું, એની વિદ્યા હું જાણું છું. તમે આખી જિંદગી એક પણ પાઈ કોઈની હરામની લીધી નથી અને માંસ દારૂને અડયા નથી. ગીતા પાઠ કર્યા સિવાય પાણી પણ પીધું નથી. આપના આવા શુદ્ધ પ્રભુ પરાયણ જીવનથી આકર્ષાઈ હું અહીં આવ્યો છું અને ઝેર ઉતારીશ. તમારું સંપૂર્ણ ધર્મમય જીવન ન હોત તો આ ઝેર ઊતરતું જ નથી, પ્રાણ લે છે. મારે તે માટે ઘઉંનો લોટ જોઈશે! હું આજે પ્રયોગ કરીશ. આ ઝેર આ લોટમાં આવશે, આ પ્રયોગ ત્રણ દિવસ કરવો પડશે.

ઘઉંનો લોટ ગાયકવાડ સાહેબે ઘરમાંથી મંગાવ્યો અને પાણી મંગાવ્યું લોટમાં પાણી રેડીને ગારૂડીએ ગોળ લાડવા બનાવ્યા અને પગ આગળ મૂકયા, પછી એ પ્રભુ સ્મરણ કરીને મંત્ર જપ કરવા માંડયો.

૧૫ મિનિટ પછી લાડવા અંદરથી કાળા થઈ ગયા. એથી એમણે કહ્યું કે આ લાડવા કુતરું ખાય તો મરી જાય. કીડીઓ પણ મરી જાય માટે જમીનમાં ઊંડે દાટી દો. કહીને

અને બીજા દિવસે આ જ સમયે આવવાનું કહીને તે ચાલ્યો ગયો.

બીજે દિવસે ગાયકવાડ સાહેબે બધા ડોકટરોને આ ભારતીય વિદ્યા જોવા બોલાવ્યા. એ ગારૂડીભાઈ એ જ સમયે બીજા દિવસે આવ્યા અને બીજો તાજો લોટ મંગાવી લાડવા બનાવી પગ પાસે રાખી ઈશ્વર સ્મરણ સાથે મંત્ર જાપ કર્યો. સમય થતાં મંત્ર જાપ પૂરો કરી લાડવા અંદરથી કાળા થયેલા ભાંગીને બતાવ્યા. ડોકટરો આશ્ચર્ય ચકિત થયા અને ભારતની આ વિદ્યાની પ્રશંસા કરી અને પ્રભાવિત થયા. આ પ્રમાણે ત્રીજે દિવસે પણ કર્યું અને ગાયકવાડ સાહેબનું ઝેર ઊતરી ગયું ફોલીઓ મટી ગઈ બળતરા જતી રહી, અને સ્વસ્થ થઈ ગયા.

ગાયકવાડ સાહેબે પેલા ભાઈને છેલ્લે પૂછ્યું કે પુરસ્કાર શું આપું ? ત્યારે એ ભાઈએ કહ્યું કે કૂતરાઓને રોટલા નાખજો અને પછી એકદમ ચાલ્યા ગયા. ઘણી તપાસ કરવા છતાં પણ મળ્યા નહિ. એ ફરી પાછા કદી દેખાયા નહિ. જાણે એમને બચાવવા જ પ્રભુ આ ગારૂડી સ્વરૂપે ન આવ્યા હોય, એવું જ થયું !

સદ્જીવન જીવનારની કપરી કસોટીમાંથી, પ્રભુ કેવી અદ્ભુત રક્ષા કરે છે, તેની પ્રતીતિ આ પ્રસંગ કરાવી જાય છે.

સારું કરનારનું પ્રભુ મંગલ જ કરે છે, એ સનાતન સત્યમાં એથી વિશ્વાસ દઢ થાય છે.



# તું તારો ડોકટર થા

શ્રી બચુભાઈ છાટાઈ

ગૌતમ બુધ્ધે તેમના ભકતને આધિન થઈ આહારમાં અખાધ્ય વસ્તુ લીધેલ અને તેના પરિણામે શરીરમાં વેદના થઈ હતી. મહાવીર ભગવાને જીવનમાં આહારધર્મ પાળેલ તેમનો અંતકાળમાં રોગ દેખાયો નથી. ગાંધીજીને જીવનકાળમાં પણ આવોજ અનુભવ થયેલ. મનુષ્યને પૃથ્વીપર શારિરીક કે માનસિક દુઃખો ભોગવવાં પડે છે, તેનું એક કારણ રોગ છે. તેમાં શંકા નથી; રોગની પીડાઓમાંથી મુક્તિ મેળવવા ઘણા પ્રાચીન સમયથી જુદા જુદા દેશોમાં જુદી જુદી જાતનું સંશોધન કાર્ય થઈ રહ્યું છે. પરમેશ્વર પ્રાપ્તિના અનંત માર્ગોની જેમ, રોગ મુક્તિના પણ જુદા જુદા માર્ગો શોધાયા છે. આજ સુધી એ સંશોધન કાર્ય પૂરૂ થઈ શક્યું નથી.

દુનિયાની આજની વિશ્વ આરોગ્ય સંસ્થાના આંકડાઓ બોલે છે કે આંધળાઓની સંખ્યા કરોડોની થતી જાય છે તેમ કેન્સરના રોગીઓની પણ કરોડોની સંખ્યા બતાવે છે. બીજા રોગોના હાર્ટટ્રબલ્સ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, ગેસ, અલસર, એસીડીટી જેવા અનેક રોગો જાણે વ્યાપક હોય તેમ થાય છે. આ બધા રોગો મટાડવા, તેમનું સંશોધન કરવા, માટે અબજો રૂપીયા ખર્ચાય છે. સાધન પાછળ દવા પાછળ પણ તેનાથી હજાર ગણો ખર્ચ થાય છે, છતાં આજે નવા નવા રૂપે અનેક નવા નવા રોગો દેખાય છે. આ બધા રોગો થાય તેનો ઉપચાર શોધાય છે તે પાછળ ધન અને માનવનો ઘાણ નીકળી જાય છે, છતાં કોઈ એવું નથી બતાવતા કે રોગનો

ઉપચાર તો થાય છે. પણ રોગ ન થાય તેના માર્ગનું શિક્ષણ કેમ બતાવવામાં આવતું નથી, તે એક વિચાર આજે દુનિયાના અનેક દેશોમાં વિચારવંત લોકો હવે કરતા થયા છે.

રોગ મટાડવા નવા નવા સાધનો શોધાય છે. નિદાન માટે નવી નવી રીતો પણ આજે ઘણી છે. રોગ થવાના માટે કારણો પણ શોધે છે. છતાં તેના મૂળ ઉંડાને ઉંડા ઉતરતાં જાય છે. એક રોગ દબાય છે, તો બીજો રોગ થાય જ છે. કેટલાક રોગોનું નામ નિશાન નથી દેખાતુ, પણ તેના જેવાજ ચિન્હોવાળા રોગોના નામ હવે બીજા નામથી ઓળખાય છે. પણ રોગનું ખરૂં કારણ તો જે આપણા શરીરમાં છે તેનો ઇલાજ હજી થયો નથી, આ અંગે બે વર્ષ વીતી ગયા છે. તે ડો. ગોટસમેન અને ડો બિગમોરના ભારતમાં થયેલા સફળ પ્રયોગોમાંથી આપણે કંઇક જાણી સુખી થઇ શકીએ તેમ છીએ.

### સફળ પ્રયોગોનો પરિચય :

જીવદયા મંડળ ભારતમાં જીવદયાનું કામ કરે છે, તેમાં દરેક ક્ષેત્રો હોય છે. અમેરિકા, જર્મની, ઈંગ્લેન્ડમાં પણ આવું કામ ચાલે છે, ત્યાં લોકો સાધુ ન થાય પણ સાદા થાય આવું સ્વામિ વિવેકાનંદ કહેતા, ત્યાર પછીનો સમય ઘણોજ બદલાયો. માંસાહાર છોડવાથી માંડીને શરીર પણ છોડવા સુધીના વિચારો આવ્યા. તેમાં બધાને માટે એક સમય એવો આવે છે કે, શરીર, મન અને ધનથી પણ નબળો પડી જાય તે છે બિમારી. કહેવત છે કે સાજો ખાય અન્ન અને માંદો ખાય ધન. આ વાત ઘણીજ સાચી છે, જેના ઘરમાં બિમારી આવી હોય તેને અનુભવ હોય છે. અહિયાં જીવદયાની જરૂર પડે છે. એક બીજાને ઉપયોગી થવું.



બનતી સહાય કરવી, ત્યારે બિમારીમાં તો આજે પૈસાની જરૂર પડે. આજના સમયે ઉપચાર પદ્ધતિ કેટલી બધી ખર્ચાળ થઇ છે તે જે બિમાર પડે તેજ પરંતુ જાણે અગાઉ ડોકટરોને દેવ કહેતા તેજ આજે તો ઉલટું છે.

### મંદવાડ આવ્યો ગંદવાડ કાઢવા આજે અને કાલે

અગાઉ વૈદો ડોકટરો માટે કહેવત છે કે "વૈદો નારાયણો હરિ." આજે ઉલટું કહેવત છે કે વૈદરાજને નમસ્કાર. વૈદ કે ડોકટર જે ભાષા હોય તેને કહે છે કે તમેતો જીવલેનાર યમરાજના સહોદર છો. ફરક થોડો છે કે યમરાજ પાસે જીવ લેવાનો અધિકાર છે. પરંતુડોકટરો પાસે પૈસા અને પ્રાણ જાય તો કંઇ કરી ન શકાય તેનું સરકાર માન્ય પ્રમાણપત્ર છે. એવું આજે બધે દેખાય છે. વૈદરાજ પૈસા નથી લેતા આપણે રાજીખુશીથી આપીએ છીએ એટલે તો શા માટે ન લેવા, આ માટે તો જોઇએ–જીવદયા, અનુકંપા પ્રેમ અને કરૂણાની બીમારોને જરૂર છે, જેથી વગર દવાએ અર્ધો રોગ મટે આવું બે વર્ષ પહેલા, ભારતમાં હજારો રોગીઓનો ઉપચાર કરીને સિદ્ધ કરી બતાવ્યું. માત્ર ખોરાક જ દવા, અને સાથે સૂર્યકિરણ, મેગનેટ, સ્ટીમબાથ, મસાજ, યોગાસન, માટી પાણી અને ઘઉંના જવારા વગેરે સજીવ-આહાર, રસાહાર, ફળાહાર, અમૃતાન્ન અને તલ, શીંગ, કોપરૂ કાજુ મગજતરી વગેરે ઘીદૂધને બદલે આપવામાં આવતો. માત્ર ભારતમાંજ નહિ પણ અમેરિકા જેવા દેશમાં પણ જે રોગો ભયંકર ગણાતા તેવા કેન્સર, સંધિવા, દમ, ખરજવું, ડાયાબિટીસ, હાર્ટટ્રબલ્સ, બ્લડપ્રેશર, અલસર, કોલાયટીસ જેવા જુના હઠીલા દર્દોથી પીડાતા લાખો દર્દીઓની અમેરિકામાં

સારવારના પરિણામ પછી ભારતમાં આવેલા ડો એન. વિગ-મોહના સફળ પ્રયોગો જુઓ.

## દરદીને દવા નહિ દુઆ આપો.

ભારતમાં જુદા જુદા સ્થળે બિમારોની સેવામાટે, દવા-ખાના, હોસ્પીટાલો નજરે પડે છે. તે ઉપરાંત ફરતા દવા-ખાના સમયે સમયે સ્ટેશનોપર પણ પકડી પકડીને ગોળીઓ ઈન્જેકશનો લગાવી આપે છે. જરૂર ન હોય છતા તેમને પણ કાયદાનો ડર બતાવી આપણા શરીરમાં ફોરેન મેટર ઘુસાડે છે જે શરીરનો ખોરાક નથી. આવે વખતે તો બિમારને દવા કરતા તેનું મન આનંદમાં રહે અને તે દુઆથી થઈ શકે છે. આવા પ્રયોગોનું દર્શન.

ભયંકર રોગોથી પીડાતા રોગીઓના દર્શનથીજ આપણ-ને મનમાં એક પ્રકારની લાગણી પેદા થાય છે. આપણે તેને માટે શું કરી શકીએ ? કંઈ ન થાય તો માત્ર સારી દુઆ તો કરીએ, ભારતમાં રોગી હોય અને અમેરિકા, જર્મનીથી દુઆ આવે તો તેની સામે બેસીને દુઆ કેમ ફાયદો ન કરે ? માટે નજર સામે જ રોગીને માટે ભલી દુઆ. આ મોટામાં મોટો ઉપચાર છે, તેના માથે મીઠો હાથ ફેરવો તો એક નવો સંચાર તેના શરીરમાં થશે. પથ્યપાલન કરનારને દવા-ની જરૂર નથી, પથ્યપાલન ન કરનારને દવાથી શું લાભ ?
(ચરક) ( ક્રમશઃ )



## તમારા દિવ્ય દર્શનની

શ્રી. યોગેશ્વર

તમારા દિવ્ય દર્શનની
લગન જેને ગઈ લાગી,

સુખી તે તો થયા સાચા
થયા છે તેજ બડભાગી.

તમારા વહાલની વીણા
ગઈ જેને હૃદય વાગી,

થયા તે ધન્ય જીવનમાં
તમારા એક અનુરાગી.

તમારૂં જે રટણ કરતા
સ્મરે તમને સદાયે જે,

જતા જડતામહીંથી એ
સદાને કાજ જન જાગી.

ધરીને દેહ દુનિયામાં
રહે તમને જ જે માગી,

તમે પણ તેમને માટે,
ખરે દેતા બધું ત્યાગી.

( 'સાઈ સંગીત' માંથી. )

# પ્રાર્થના

આપના ચરણનું શરણ સમજી રહ્યાં
આપની દૃષ્ટિમાં સૃષ્ટિ સારી
આપ અશ્વત્થ સમ છાંય શીળી ધરો,
હૃદય સંતપ્તતા દ્યો વિદારી.

આપ મૃદુ શબ્દથી સત્ય ને ઋતના
નિત્ય સંદેશ આપી રહ્યા છો,
અમ જીવનપંથના માર્ગદર્શક બની
પુનિત ગંગા સમા વહી રહ્યા છો.

સઘન ઘન મેઘસમ આપ વરસી રહ્યા
તૃષિત ઉરને સદા તૃપ્ત કરતા,
શ્યામ ઘનશ્યામ સમ હૃદયકુંજે વસ્યા
ત્રિવિધ સંતાપને નિત્ય હરતા.

આપના ચરણનું શરણ પામ્યા પછી
જિજિવિષા જીવનની દુર થાતી,
ફલકથી ચિત્ર સંકેલતાં ત્વરિત એ-
પૂર્ણમાં પૂર્ણ રૂપે સમાતી.

રજનીકાન્ત મહેતા.



# ચરણોની અનુરાગી

( રાગઃ-એક જ દે ચિનગારી )

ચરણોની અનુરાગી
ગુરુ ! તમ ચરણોની અનુરાગી ( ૨ )

ચરણ કમળમાં દેખું ચતુર્ભુજ,
રોમ મારી રણકાવી રહ્યો તું જ,
નવ બંસી કોઈ વાગી,
ગુરુ ! તમ... ચરણોની.

હરી હરી ! હૈયું પૂકારે અમારું,
જ્યાં ત્યાં દર્શન થાય તમારું,
રમરમ ચેતના જાગી,
ગુરુ ! તમ... ચરણોની.

ચરણ કમળમાં રાખો હરદમ,
વાગી ઊઠી આ કો નવ સરગમ,
ઝબકી જીંદગી જાગી.
ગુરુ ! તમ... ચરણોની

ભવની વાટ હતી અન્ધારી,
એને ગુરુએ કરી ઉજિયારી,
પ્રભા જયોતિની ભ્રમણા ભાગી,
ગુરુ ! તમ... ચરણોની.

વડોદરા તા. ૨૮-૫-૮૦ ( રચયિતીઃ-પ્રભાબેન પજવાણી )

# ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના

શ્રી યોગેશ્વરજી

ભક્ત કવિ નિષ્કુળાનંદે કહ્યું છે કે 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના ' તે વાત સાચી છે. તેમના જ શબ્દોમાં કહીએ તો વેશ લીધો વૈરાગનો દેશ રહી ગયો દૂર જી; ઉપર વેશ અચ્છો બન્યો, માંહિ મોહ ભરપુર જી! એવી દશા મોટા ભાગના વૈરાગ્ય, ત્યાગી કે સંન્યાસીઓની હોય છે, બીજા સાધકોના સંબંધમાં પણ સામાન્ય રીતે એવું જ બનતું હોય છે

તેને લીધે તેમના જીવનની સાર્થકતા નથી થઈ શકતી. ત્યાગ સંન્યાસ અથવા તો એકાંતિક જીવન આકર્ષક છે, પરંતુ એની પાછળ વૈરાગ્યનું પર્યાપ્ત પીઠબળ હોવું જોઈએ, તો જ તે ફળી શકે. વૈરાગ્યના પૂરતા પીઠબળ વિનાના પુરુષોએ ત્યાગ કે સંન્યાસને માટે ઉતાવળ કરવાને બદલે જરૂરી યોગ્યતા તૈયાર કરવાના મહત્ત્વના કામમાં તેમણે લાગી જવાની જરૂર છે.

એવી જ એક અધકચરી યોગ્યતાવાળા જિજ્ઞાસુ અમેરિકન ભાઈ ત્રણેક વરસ પહેલાં ઋષિકેશમાં રહેવા આવેલા, એમને મારો પરિચય થવાથી એ મારી પાસે અવારનવાર આવવા માંડ્યા, એ અતિશય શ્રીમંત હતા, શોખને લીધે રેશમી ભગવી કફની પહેરતા તથા દાઢી રાખતા, અને તત્ત્વજ્ઞાન તથા યોગની સાધનામાં રસ લેતા.

દેશમાં વિચરણ કરીને એ અનેક જ્ઞાત અજ્ઞાત સંત પુરુષોનો સમાગમ કરી ચૂકયા હતા.



એક દિવસ રાતે તેમણે મને પ્રશ્ન કર્યો: 'ભારતમાં કોઈ ઊંચી કોટિના શક્તિસંપન્ન મહાત્માઓ છે કે નહીં ?'

મેં કહ્યું, 'કેમ નથી ? જેના દિલમાં એવા મહાત્માઓને મળવાની લગન હોય છે તેને એવા મહાત્માઓ પણ મળી રહે છે.'

થોડીવાર સુધી શાંત રહીને એ ફરી બોલ્યા, ' મારો વિચાર કોઈ યોગ્ય ગુરુ પાસેથી સંન્યાસ લેવાનો છે. હું ભગવી કફની પહેરું છું, પણ મેં હજી વિધિપૂર્વક સંન્યાસ નથી લીધો.'

મેં કહ્યું, સંન્યાસ કોઈ લેવાની વસ્તુ નથી. એ કાંઈ કોઈને આપી શકાતો નથી. એ તો અંતરમાંથી આપોઆપ જ ઊગી નીકળે છે. સંન્યાસ કોઈ સોદો કે વ્યાપાર નથી, પરંતુ જીવન વિકાસની અંતરંગ અવસ્થા છે. છતાં પણ જો વિધિપૂર્વક સંન્યાસ લેવાની ઇચ્છા હોય તો તમારે એવો સંન્યાસ ના લેવો એવી મારી સલાહ છે!'

' કારણ ? '

' કારણ કે તમારા હૃદયમાં તે માટેનો જરૂરી વૈરાગ્ય નથી.'
' મારા હૃદયમાં ઊંડો વૈરાગ્ય છે '

બિલકુલ નહીં, તમારા હૃદયમાં શું છે, તે કહી બતાવું ? તેમાં એક પચ્ચીસેક વરસની અમેરિકન છોકરી છે. તમને તેના પર પ્રેમ છે, છતાં તમે તેને છોડીને આવ્યા છો. એ છોકરી માંદી પડી છે ને હાલ ન્યૂયોર્કની હોસ્પીટલમાં છે.

પેલા અમેરિકનભાઈ ચમક્યા ને પૂછવા લાગ્યા, ' તમે આ બધું કેવી રીતે જાણ્યું ?'

'કેવી રીતે જાણ્યું એ પ્રશ્ન અલગ છે. પરંતુ મારી વાત સાચી છે કે નહીં તે કહો.'

'સાચી છે.'

'બસ ત્યારે!

બીજે દિવસે તે ભાઈ નાનું સરખું આલબમ લઈ આવી પહોંચ્યા.

તેમાં ન્યૂયોર્કની પેલી અમેરિકન છોકરીના ફોટા હતા.

એક ફોટામાં તે બહેને સરસ શીર્ષાસન કરેલું, બીજામાં હલાસન, ત્રીજામાં પદ્માસન અને ચોથામાં પશ્ચિમોત્તાનાસન કરેલું, થોડા બીજા સામાન્ય ફોટાઓ પણ હતા.

મેં કહ્યું, 'આટલી બધી સારી કે સંસ્કારી છોકરી છે છતાં તેને મૂકીને અહીં આવતા રહ્યા છો ને હવે સંન્યાસ લેવાની ઇચ્છા રાખો? ન્યૂયોર્ક જઈને એને અપનાવો ને શાંતિ આપો. જ્યાં સુધી એ છોકરી માટેની લાલસા કે વાસના તમારા દિલમાં ભરેલી છે ત્યાં સુધી બહારનો સંન્યાસ લેશો તો પણ તે સફળ નહીં થાય. તમારા ત્યાગને તમે શોભાવી નહીં શકો!

એમણે કહ્યું, 'ત્યારે સંન્યાસ નથી લેવો પરંતુ આશીર્વાદ લેવો છે. તે છોકરી વહેલી તકે સારી થઈ જાય એવો આશીર્વાદ આપો.'

'ઈશ્વર તેને સારી કરી દેશે. પહેલા અંદરનો ત્યાગ તૈયાર કરો. અંદરનો ત્યાગ એટલે કામના કે વાસનાઓનો ત્યાગ. પછી બહારનો ત્યાગ તો આપો આપ આવી જશે.'

એમના મનનું સમાધાન થયું.



# ઉદાસીન સંપ્રદાય

પ્રપન્નલાલ કાજી.

પ્રાચીન કાળથી ચાલી આવેલા સાધુઓના સંપ્રદાયોમાં આ સંપ્રદાયની અનેરી પ્રતિષ્ઠા છે. ઉદાસીન શબ્દનો આ સંપ્રદાયના સંદર્ભમાં પ્રચલિત અર્થ ખિન્ન થતો નથી, પણ ઉદ્ એટલે બ્રહ્મ, આસીન એટલે સંસ્થ-બ્રહ્મસ્થિત એવો અર્થ થાય છે.

આ સંપ્રદાયના પ્રથમ આચાર્ય સનતકુમાર હતા અને ત્યાર બાદ અનેક વેદમાર્ગ પ્રવર્તક દિવ્ય પુરુષો આ સંપ્રદાયના આચાર્યો થયા છે. એના છેલ્લા સ્થાને આચાર્ય શ્રી ચંદ્રદેવ થયા. એઓ સને ૧૪૯૪ માં પંજાબમાં નાનકદેવ પિતા અને સુલક્ષણી દેવી માતાને ત્યાં પ્રગટ થયા હતા. પવિત્ર માતાપિતાને શંકરરૂપનું દર્શન જન્મ સમયે જ દર્શાવ્યું હતું.

નાનકે સાધુ બનીને ગૃહત્યાગ કર્યો પછી માતાના મહિયરમાં શ્રીચંદ્ર ઉછર્યા. શિશુવયથી એકાંતપ્રિય હતા, અને વારંવાર પદ્માસનવાળી સમાધિમાં બેસતા હતા. અગિયાર વર્ષની વયે જનોઈ સંસ્કાર એમને આપવામાં આવેલો. પંડિત હરદયાળ શર્મા અને કાશ્મીરના મશહૂર પંડિત પુરુષોત્તમ કૌલ પાસે સંસ્કૃત ભાષાના ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. અત્યંત તેજસ્વી કુશાગ્ર બુદ્ધિ અને પ્રભાવશાળી વ્યક્તિત્વથી એ અનોખા શિષ્ય બન્યા. ઈસ્વીસન ૧૫૧૧ માં અવિનાશી મુનિની પાસે ઉદાસી પંથની દીક્ષા લીધી અને ભારતની યાત્રા કરી હિન્દુ સનાતન વેદ ધર્મનો પ્રચાર કર્યો. મુસ્લિમશાસન દરમ્યાન હિંદુઓને હિંમતવાન કાર્યવાન અને ધર્મપ્રિય બનાવ્યા. બાબરના આગમન વખતે એમનું ધર્મકાર્ય ચાલુ હતું. રાણા પ્રતાપ વગેરે ને આશીર્વાદ આપી એમણે ઉત્સાહ અને જોમ

પ્રેર્યાં હતાં. બાબરના પુત્ર હુમાયુને એ પદભ્રષ્ટ થયા ત્યારે આશીર્વાદ આપેલો. એમની પ્રેરણાથી અકબરે હિંદુમુસ્લિમ એકતા પર શાસનકાર્યમાં ભાર દીધેલો. કાશ્મીરના રાજા યાકુબ-ના પ્રધાનના મનનું પરિવર્તન કરવા યજ્ઞકુંડમાંથી બળતી લાકડાની ચીરી ખેંચી કાઢી અને તે લીલીછમ બની ગઈ. પછી તે જમીનમાં રોપી અને જે વૃક્ષ થયું તે ચંદ્રમિનાર નામે પ્રસિદ્ધ છે.

ભારતમાં ઠેરઠેર, કાબુલ, કંદહાર પેશાવર વગેરે સ્થળોએ જનતામાં ધર્મપ્રચારનું કાર્ય અનેક અલૌકિક ચમત્કાર કરીને વ્યાખ્યાનો ઉપદેશ આપીને કર્યું.

છત્રપતિ શિવાજીના ગુરુ રામદાસનું પૂર્વાશ્રમનું નામ નારાયણ હતું. તેમને સનાતન ધર્મ પ્રચાર કાર્ય કરવા શ્રી ચંદ્રદેવે આજ્ઞા આપી હતી અને ભવિષ્યવાણી ઉચ્ચારી હતી કે તમારા સનાતન ધર્મના રક્ષક પ્રવર્તક તરીકે શિવનેરમાં એક તેજસ્વી બાળક જન્મશે, જે સનાતનધર્મ અંગેના તમામ મનોરથો પરિપૂર્ણ કરશે. એ જ રીતે છત્રપતિ શિવાજી મહારાજ અવતર્યા અને આગાહી ખરી પડી. એમના રચેલાં "માત્રા શાસ્ત્ર" માં બધાના સંપ્રદાયો, ધર્મપાલન, વિધિપૂજા, કર્મકાંડ અંગે સવિસ્તાર માહિતી આપી છે.

લોકસેવા, ધર્મસેવા અને દેશસેવા કરીને એકાંતવાસમાં સાધના કરવા માટે તેઓએ કાશ્મીરના ગાઢવનમાં પ્રવેશ કર્યો. તે વખતે રાવી નદીને પાર કરવા શિલા પર બેઠા અને એને ઉપદેશ આપ્યો "પાર લગા દે રામકી પ્યારી" અને અને શિલા તરતી થઈ અને સામે કિનારે એમને લઈ ગઈ. આ શિલા સંવત ૧૭૦૦ ની પોષ વદ પાંચમ ને રોજ તરી હતી. તે દિવસે આજે પણ તેના દર્શન અંગેનો દિવસ ગણાય છે. ને ઉત્સવ યોજાય છે. આટલું બધું લાંબૂં જીવ્યા છતાં તેઓ બાલયતિ સ્વરૂપ જ હતા.



એમના ઉપદેશોમાંના કેટલાક આ પ્રમાણે છે. (૧) જીવનને તપોમય બનાવો. (૨) ત્યાગને જીવનમાં મહત્ત્વનું સ્થાન આપો. (૩) ધાર્મિક અંધકાર હોય ત્યાં પ્રકાશ આપો. (૪) આત્માની ઉન્નતિ અને મુક્તિ માટે સતત પ્રયત્નશીલ બનો. (૫) સ્વર્ગ તમારી અંદર છે. (૬) નિર્મલ અંતઃકરણથી ભગવાનનું દર્શન થાય છે. (૭) શુદ્ધ અંતઃકરણ-વાળાની ભગવાન રક્ષા કરે છે. વગેરે.

મહાત્મા પૂરણદાસજી આ ઉદાસીન સંપ્રદાયનાં આધુનિક યુગમાં એક મહાન યોગી થઈ ગયા. એઓ તા ૨૩ મીએ એપ્રિલ ૧૯૬૧ ના રોજ શ્રી ચંદ્રદેવ મંદિર (વર્લી-નાકા) મુંબઈમાં બ્રહ્મલીન થયા. આ મંદિર બાંધવા એમનો તો વિરોધ હતો. હું આખી જીંદગી ચાર દિવાલો વચ્ચે છતની નીચે સૂતો નથી. માટે મંદિરનું શું કામ છે? છતાં ભક્તાધીન બનીને યોગીએ સંમતિ આપી અને કાળા પત્થરનું આલિશાન મકાન આજે ત્યાં છે. એઓ પંજાબમાં ભટિંડા જિલ્લામાં એક ગામમાં લગભગ બસો વરસ ઉપર જન્મ્યા હતા. છ વરસની નાની ઉંમરે ઉદાસી સાધુઓનો સંઘ તે ગામે આવ્યો તેમાં જોડાઈને નીકળી પડ્યા. તે આખી જિંદગી સુધી પોતાને ગામ કે ઘેર પાછા આવ્યા નહિ. પંજાબમાં ધીંગડ ગામે મહાત્મા પંજાબ દાસજીની પાસે ઉદાસીન સંપ્રદાયની દીક્ષા લીધી અને પૂરણ-દાસજી નામ લીધું. ગુરુની આજ્ઞાથી ૧૨ વર્ષ પાણીમાં સતત ઊભા રહી બાર સાલ ચારે તરફ અગ્નિ પ્રગટ કરી વચ્ચે બેસી રહીને, બાર સાલ ભારતમાં પવિત્ર તીર્થોની યાત્રા કરીને, અને બાર સાલ સૂર્યના તાપ અને મેઘવર્ષામાં રેતી પર બેસીને તપશ્ચર્યા કરી એમણે બાર કુંભો એટલે ૧૪૪ વરસ, અર્ધો કુંભ એટલે છ વરસ, અને ૪૮ વર્ષ તપશ્ચર્યા અને છ સાલ ઘરમાં, એટલે ૨૦૦ થી વધુ વરસ આયુષ્ય ભોગવ્યું.

લગભગ સને ૧૯૦૧ માં સિંધ હૈદરાબાદમાં કુન્દનદાસ રેવાચંદે એમના પ્રથમ દર્શન કર્યાં. ફક્ત લંગોટી જ પહેરતા ને આકાશ નીચે રેતી પર સૂતા. પછી સવંત ૧૯૮૯ માં સુરતના શ્રીમંત રેશમવાળા કુટુંબના આગ્રહથી સૂરત આવ્યા. પછી ભક્તોના આગ્રહથી મુંબઈ વગેરે અનેક સ્થળે ફરતા એઓ કાળી ફની પહેરતા અને ધૂણિ ચોવીસે કલાક પોતાની સન્મુખ રાખવા. પંચતત્ત્વ પર એમણે પ્રભુત્વ મેળવેલું "ભજન અને ભોજન" એમનું જીવન કાર્ય ભંડારા કરાવવા અને ભજન, ગવડાવવાં એ હતું. બહુ જ ઓછું હિંદીમાં બોલતા. કાંઈકને જીવનદાન, દુઃખનિવૃત્તિ વગેરે લોકસેવાનાં કાર્યો કર્યા એમની મરજી વગર કોઈ એમનો ફોટો પાડી શકતું નહિ, ત્રિકાળ-જ્ઞાની હતા. રોજ આખી રાત સમાધિમાં વિતાવતા બહું ઓછું ઊંઘતા, ભંડારામાં પકવાન્ન હોય પણ પોતે ધૂણી પર બનાવેલા રોટલા અને શાક ખાતા, રાતના ફક્ત દૂધ લેતા. એઓએ ઈચ્છા મૃત્યુ લીધું હતું, બેઠાબેઠા, ગંગાસપ્તમીને દિવસે તા. ૨૩-૪-૧૯૬૧ના રોજ બપોરે મહાસમાધિ લીધી. એમના પાર્થિક દેહને હરદ્વાર વિમાનમાં લઈ જવામાં આવ્યો. બપોરે ૨-૫૦ વાગે તા. ૨૪-૪-૬૧ના રોજ ગંગા નદીમાં પધ-રાવવામાં આવ્યા. પણ ટ્રેનથી ભક્તો સાંજે ચાર વાગે આવ્યા તેમને માટે ગંગા નદીના સામે કિનારે એઓ આસન વાળીને બેઠેલા દેખાયા. બધા ભક્તો ત્યાં પહોંચ્યા ફુલહાર ચંદન કંકુથી પૂજન વિધિ થઈ રહી એટલે એઓ અંતરધ્યાન થઈ ગયા. કલિયુગમાં આવી ઘટના બની છે. એ નજરે જોનાર આ લખી રહ્યા છે. એમનું જીવનચરિત્ર અનેક ચમત્કારોથી ભરપૂર છે, સ્થળ સંકોચને લીધે આ લેખ એમને દંડવત્ પ્રણામ કરી પૂરો કરું છું.

* * *



# પચીસ લાડુમાં જલારામ બાપાએ ખાખીઓની જમાત જમાડી

શ્રી સૌભાગ્યચંદ રાજદેવ

અન્નદાનના મહિમાની આજના યુગમાં પ્રતિષ્ઠા કરનાર ભક્ત શ્રી જલારામ બાપાના અનેક ચમત્કારો જાણીતા છે. અહીં એવો જ એક ચમત્કાર અમરેલીના જુઠા અદાનો વર્ણવ-વામાં આવ્યો છે, એટલું જ નહિ પરંતુ શ્રી જલારામ બાપાએ જે લાકડાની કથરોટનો ઉપયોગ કરેલ, તેને પવિત્ર માની આજેય જુઠા અદાના વંશજોએ સાચવી રાખી છે.

અમરેલીના જુઠા અદા ખૂબ ભક્ત પ્રેમી. ભક્ત શ્રી જલા-રામ બાપા જ્યારે પણ અમરેલી પધારે, ત્યારે પોતાને ત્યાં એકાદ વખત ભોજન માટે તો જુઠા અદા એમને તેડીજ જાય.

એક વખત બાપા અમરેલી પધાર્યા. ત્યારે જુઠા અદાએ બાપાને જમવાનું આમંત્રણ આપ્યું. બાપાએ કહ્યું: "કાલે તમારે ત્યાં પ્રસાદ લેશું"

જુઠા અદા ખુશ થયા એમણે તો બીજા દિવસે બાપાને ચૂરમાના લાડુ જમાડવાનો નિશ્ચય કર્યો.

બીજા દિવસે રસોઈ તૈયાર થયે જૂઠા અદા બાપાને બોલાવવા ગયા. "બાપા પધારો, રસોઈ તૈયાર છે".

બાપાએ કહ્યું, "ચાલો જુઠાભાઈ"

એમ કહી જુઠાભાઈ સાથે બાપા બે ચાર સેવકો સાથે જમવા આવવા ચાલ્યા, ત્યાં રસ્તામાં પચાસેક ખાખી બાવાની જમાત સામી મળી. બાપાને જોતાં જ જમાતના આગેવાને બાપાને " જે રામજી કી ભગતરાજ " કહ્યા.

બાપાએ સામા ' જે રામજી કી ' મહારાજ, કહી પ્રણામ કર્યા.

તુરત જ ખાખી બાવા બોલ્યા, ' ભગત, બપોરનો વખત થયો છે. પણ હજુ જમવા મળ્યું નથી. ક્યાંય ભોજનનો પ્રબંધ કરો તો સારું'"

બાપાએ કહ્યું " અરે મહારાજ, પ્રબંધ વળી શો કરવાનો ? હું જુઠા શેઠને ત્યાં જમવા જ જાઉં છું હાલો અમારી સાથે ."

બાપાએ આમ કહ્યું એટલે ખાખી જમાત તો તરત જ બાપાની પાછળ હાલવા માંડી. પરંતુ જુઠા શેઠને વિચાર થયોઃ ' રસોઈ તો ૧૦-૧૨ માણસની છે આટલાને શી રીતે પહોંચશે ?" પછી મનમાં નક્કી કર્યું, " વાંધો નહિ, બાપા થોડી વખત બાવાઓ સાથે વાતો કરશે, એટલામાં કોઈ પકવાન બનાવી દેશું.

જુઠાભાઈએ તો બાપાને પ્રેમથી સત્કારી બેસાડ્યા. પછી ઘરમાં જઈ બૈરાંને વાત કરી, " આપણે રસોઈ તો દસબાર જણની કરી છે, પરંતુ હવે બાપા સાથે ૫૦ ખાખી બાવાઓની જમાત આવી છે. લાડુ એમને થાય એટલા નથી, માટે કંઈ પકવાન બનાવી દઈએ. ટોપિયું લાવો ઘી લઈ આવું.

જુઠાભાઈ ને ટોપિયું લઈ બહાર જતા જોઈ બાપા બોલ્યા,



" અરે, ભકત, કયાં ચાલ્યા ?"

જુઠાભાઈએ બાપાને અંદર બોલાવી રસોઈ દેખાડી. લાડવાની કથરોટમાં મોટામોટા પચ્ચીસ લાડુ હતા. " એ બધાને શી રીતે થાય ? એટલે પકવાન બનાવવા ઘી લેવા જાઉં છું. આપ ખાખી બાવાઓ સંગાથે થોડીવાર વાતચીત કરો, ત્યાં પકવાન થઈ જશે."

બાપા બોલ્યા, " અરે જુઠાભાઈ, રામ રામ કર. મારો ઠાકર કંઈ રસોઈ ખૂટવા દયે ખરો ? ' આટલી રસોઈ કંઈ થોડી નથી. ખાખી બાવા તો થોડું થોડું જમે, એ તો ભાવનાના ભૂખ્યા હોય."

પછી કહે, ' ચાલ આપણે એમ કરીએ, ઘીનો દીવો કર અને કથરોટ ઉપર લુગડું ઢાંકી દે. હું રસોડામાં બેસું છું ને હું લાડુ કાઢી દઉં છું તું મંડ પીરસવા.

પછી બાપાએ બહાર આવી ખાખી બાવાઓને જમવા પધારવા કહ્યું.

ખાખી બાવાઓ તો ભૂખ્યા થયા જ હતા. કહેતાની સાથે-જ ' જય રામજીકી ' કહી પંગતમાં ગોઠવાઈ ગયા. આણી તરફ બાપાએ રસોડામાં બેસી લાડુની તાસકો ભરી આપવા માંડી. જુઠા અદા પીરસવા લાગ્યા. સહુને તાણ કરી કરી જમાડે.

ખાખી બાવાઓ આનંદથી પેટ ભરીને જમ્યા જુઠા અદા તો પીરસતા જાય ને વિચાર કરતા જાય કે આ લાડુ આવે છે કયાંથી ?

ખાખી બાવાને જમાડયા પછી બાપા ને જુઠા અદા

જમવા બેઠા. તેઓ જમી રહ્યા પછી જુઠા અદાએ કથરોટ ઉપરથી લુગડું લઈ લીધું તો આશ્ચર્ય વચ્ચે જોયું તો કથરોટમાં હજુ પણ વીસ લાડુ વધેલા હતા.

આ જોઈ જુઠા અદા તો બાપાના પગમાં પડી ગયા. આટલા બધા લાડુ મા અન્નપૂર્ણા પ્રસન્ન સિવાય શી રીતે નીકળે? હાથ જોડી એમણે કહ્યું, "બાપા આપનો પરચો આજ મેં નજરો નજર જોયો. આપ ખરેખર દેવ પુરુષ છો."

બાપા તો તેઓની સ્વભાવગત નમ્રતાથી બોલ્યા, "અરે જુઠાભાઈ, ઠાકર સહુની લાજ રાખે છે. હુ તો તેનો વાણોતર, મારામાં કાંઈ નથી. આ તો બધો પ્રતાપ મારા ઠાકરનો છે."

પરંતુ જુઠાભાઈએ જોયું કે ભલેને ગમે તેનો એ પ્રતાપ હોય, પણ બાપા સિવાય આવું કોણ કરી શકે?

## સેવાધર્મનો મહિમા

સેવાધર્મ કે દાન કરતાં કોઇ મોટો ધર્મ નથી. જે એકઠું જ કર્યા કરે છે તે સૌથી હલકો માણસ છે, ને આપે છે તે મહાન છે. હાથને હમેશાં આપવા માટે જ બનાવવામાં આવ્યો છે. ભૂખે રહીને પણ બીજાને આપો. બીજાની સેવાના મહાકાર્યમાં જે પોતાની જાતને ઘસી નાખે છે, તે મુક્ત થાય છે, પૂર્ણ થાય છે, અને પરમેશ્વર તુલ્ય બની જાય છે.

સ્વામી વિવેકાનંદ



# પ્રશ્નોત્તરી

શ્રી યોગેશ્વરજી

પ્રશ્નઃ—શ્રી યોગાનંદજી ક્રિયાયોગ ઉપર ખૂબ ભાર મૂકે છે. તે અંગે આપનું શું કહેવું છે? એમનાં કુલ અઢાર લેશનમાંથી મેં માત્ર છ કર્યા છે; એટલે પૂછું છું.

ઉત્તરઃ– ક્રિયાયોગનો આરંભ શું છે તે ઘણાંને ખબર નથી. ક્રિયાયોગ એ પાતંજલ યોગદર્શનનો શબ્દ છે. એમાં "તપ સ્વાધ્યાય ઈશ્વરપ્રણિધાનાનિ ક્રિયાયોગઃ" શબ્દ પ્રયોગ છે. એમાં ગુરુએ આપેલ મંત્રનો જપ કરવો, ષણ્મુખી મુદ્રાનો અભ્યાસ, પ્રાણાયામ અને અમારાં કેન્દ્રોમાં શીખવવામાં આવતી ધ્યાનની પદ્ધતિ જેવી પદ્ધતિનો સમન્વય છે.

પ્રશ્ન. આંતર કુંભક શ્રેષ્ઠ કે બાહ્ય કુંભક?

ઉત્તરઃ– એ બન્ને કરતાં સહજાવસ્થા એટલે અંદર કે બહાર જ્યાં પણ સહજ રીતે કુંભક થાય તે શ્રેષ્ઠ ગણાય. કારણ કે બહાર ને અંદર એ રોકવાની ક્રિયામાં જ વખત ઘણો વીતી જાય છે. એથી સહજ રીતે જ્યાં પણ શ્વાસ રોકી શકાય ત્યાં રોકવો ને આજ્ઞાચક્ર ઉપર મનનું કેન્દ્રીકરણ કરવું સારું છે.

પ્રશ્નઃ–ક્રિયાયોગમાં તમને શું કરાવે છે? તો પેલા યોગદા સેન્ટરવાળા ભાઈએ કહ્યું કે અમારે એ વાતો ગુપ્ત રાખવાની હોય છે.

ઉત્તરઃ– ગુપ્ત રાખવા જેવું નથી હોતું. તમે જાણો તો

ઈશ્વર પ્રાપ્તિ વિના જીવનમાં શાંતિ મળતી નથી. માણસે દુનિયામાં જન્મ ધારણ કરીને આ જ અમૃતની પ્રાપ્તિ કરવાની છે.

—શ્રીયોગેશ્વર

શ્રી અમૃત કન્સ્ટ્રકશન કાં.

(ગવર્મેન્ટ કોન્ટ્રાકટર)

તીખલી (જિ. વલસાડ)

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, જગાફોકના ડેલામાં લોખંડબજાર, ભાવનગર.